

# અધ્યાત્મ

વર્ષ : ૧૧ માર્ચ–૧૯૯૦ અંક : ૬

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Naratan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

*Dated. 10 th, March 1990*

*Narayan H. Jani*
*Publisher.*



પૂ. શ્રી યોગેશ્વરજી

# શ્રી ગુરુદેવને

ગુરુદેવ! હું આપને પાય લાગું,
મને દિવ્યદર્શન ધરો એજ માગું.
તિતિક્ષા સદા શાન્તિસંતોષ આપો,
કૃપાની સુધા રેલતાં ક્લેશ કાપો.....ગુરુદેવ.
દુ:ખોની ઝડી રોજ પડતી ભલેને,
તિરસ્કાર વિદ્વેષ વરસે વળી કે.....ગુરુદેવ.
પરમની પ્રસાદી મળી એમ માનું,
સદા સાધનાપંથ સાનંદ કાપું.....ગુરુદેવ.
પરમ નામની પૂર્ણ મસ્તી વધારી,
ધરો દિવ્યતા દિવ્યરૂપે પધારી.....ગુરુદેવ.
હરી અજ્ઞતા, ભક્તિ ઉરમાં જગાડો,
ચપલ ચિત્તને ચારૂચરણે લગાડો.....ગુરુદેવ.

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| પૂ. શ્રી યોગેશ્વરજીનો જીવન સંદેશ | નારાયણ હ. જાની | ૧૪ |
| સદ્ભાવભરી સહાયનો સ્રોત | — | ૨૧ |
| શ્રી અક્કલકોટ સ્વામીનો કૃપા પ્રસંગ | પ્રો. રવિશંકર જોષી | ૨૫ |
| યમનિયમનો મહિમા | મણિભાઇ શાહ | ૩૦ |
| સાચા સંતોના સત્સંગમાં પણ હળવાશ | નવીનચંદ્ર પંડયા | ૩૨ |
| આધુનિક યુગનાં મીરાં મા શ્રી સર્વેશ્વરી | નારાયણ હ. જાની | ૩૪ |
| વૈદિક પ્રાર્થના પરિમલ | યોગાચાર્ય શાંતિકુમાર ભટ્ટ | ૩૭ |
| એક અજ્ઞાત બ્રહ્મનિષ્ઠનો પરિચય | શ્રેયાર્થી | ૪૦ |
| મુક્તક મંજરી–૫ | રતિલાલ ભાવસાર | ૪૮ |
| વહી ગઇ ! | ડૉ. રણજીત પટેલ (અનામી) | ૫૦ |
| શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવનો સદુપદેશ | માસ્ટર મહાશય | ૫૨ |
| ઉપાસની મહારાજનાં દર્શન | શ્રીમોટા | ૫૫ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**


વર્ષ : ૧૧ માર્ચ–૧૯૯૦ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા શ્રી સર્વેશ્વરી**

**વિ. સં. ૨૦૩૬ ના ભાદરવા વદ અમાસ ને બુધવાર**
**તા. ૮–૧૦–૧૯૮૦, સ્થળ : સરદારનગર, ભાવનગર.**

પૂ. શ્રી આજકાલ દરરોજ સવારે માતાજીનું મંગલ સ્મરણ કરે છે. પૂ. શ્રી આજે કહે છે. માતાજીની ડાહી દીકરી (સર્વેશ્વરી) ઊઠો અને નિત્યકર્મ શરૂ થયું.

આજે માંદગીના ખર્ચનો હિસાબ ડાયરીમાં લખીને પૂ. શ્રીને વાત કરી તો પૂ. શ્રી કહે, "ઈશ્વરની કૃપા છે, ખર્ચ થયા કરે છે આપણે સંતોષપૂર્વક તેમની સેવા કરી શક્યા, તેઓનું મરણ સુધારી શક્યા, અંત રાગદ્વેષવિનાનો, પૂર્ણપ્રેમ વ્યક્ત કરનારો હતો. અંગ્રેજીમાં એક કહેવત છે. જેનો અંત સારો તેનું બધું જ સારું. પોતાનાં આમજનોને જે કાંઇ કહેવાનું હતું તે

કહીને તેઓ રાગદ્વેષથી મુક્ત થઇ ગયાં. તેથી બધું મંગલમય બની ગયું."

હવે આપણે ખૂબ પ્રેમપૂર્વક જીવીશું. માતાજી પણ આપણે સાથે રહીએ એવું ઈચ્છતાં હતાં. પોતાની સાથે છેલ્લી ઘડી સુધી રહો એવું તો ઇચ્છતાં જ હતાં ને એમની ભાવના પ્રમાણે આપણે અગ્નિદાહ સુધી એમની પાસે આપણે બન્ને સાથે જ રહ્યાં ને...વિ...

બપોરે ૧૧–૩૦ નારાયણભાઇ આવે છે પૂ. શ્રીએ પોતાના નિયમ પ્રમાણેના જપ પુરા કરી દીધા છે. દિલ્હી, દહેરાદૂન ને મસૂરી માતાજીના સ્વર્ગવાસના સમાચાર પૂ. શ્રી લખાવે છે ને નારાયણભાઇ લખે છે.

ત્યાંજ ભાવનગરના જાણીતા નમ્ર સજ્જન પ્રેમીભક્ત મીલમાલિક ભાઇશ્રી બકુભાઇ શેઠ આવીને બેસે છે. એમને ત્યાં વરસોથી રાજદ્વારી નેતાઓ ઉતરે છે. એ રીતે આવતી કાલે શ્રી મોરારજીભાઇ દેસાઇ એમને ત્યાં આવી રહ્યા છે તેમની વાતો ચાલે છે.

શ્રી બકુભાઇ જેમ રાજદ્વારી નેતાઓની સેવા કરે છે તેમ પોતે જૈનધર્મી હોવા છતા સંત મહાત્માઓની પણ મન મૂકીને તન–મન–ધનથી સેવા કરે છે.

આ વખતના ભાવનગરના આગમન પ્રસંગે પણ દરવરસની જેમ બકુભાઇની જ ગાડી અમદાવાદ લેવા આવી હતી. અમે માતાજી સાથે અહીં આવ્યાં. દરરોજ પ્રવચન સ્થળે જવા આવવાની સગવડ પણ એમની જ ગાડીમાં થઇ. માતાજીની માંદગી પ્રસંગે ડોક્ટરો લાવવા, લઇ જવા,



ડોક્ટોરોની વિઝીટ ફી, માતાજીના નવાં દાંતના ચોકઠા કરાવ્યા તેની ફી તથા છેલ્લે માતાજીની સ્મશાનયાત્રા પણ એક મોટા વાહનમાં નીકળી તેની સગવડ પણ શ્રી બકુભાઇએ જ કરી. એ સૌના ખર્ચ અંગે અમે પૂછીએ તો ખૂબ નમ્રભાવે ના કહીને ઊભા રહે. કેવો નમ્ર, સરળ ને હસમુખો સ્વભાવ! માનવતાની દૃષ્ટિએ એક સાચા સજ્જન માનવના દર્શન શ્રી બકુભાઇ શેઠમાં થાય છે. જેની દૃષ્ટિ હોય તેજ તે જોઇ શકે છે.

શ્રી બકુભાઇ શેઠ ગઇકાલે પણ આજ સમયે આવ્યા હતા ત્યારે મુંબઇથી પ્રેમીભક્તો પણ આવ્યા હતા, તેનો પરિચય આપતાં પૂ. શ્રી કાંતિભાઇની વાતો કરે છે.

શ્રી કાંતિભાઇ ઇંગ્લેન્ડમાં ભણેલા. ખૂબ દિલાવર દિલના, રાજા જેવા માણસ. પાંચ જ વરસનો એમનો પરિચય. એમનો સ્વર્ગવાસ થયો ત્યાર પછી અસ્થિ વિસર્જનમાં અમને હાજર રાખ્યા.

પરિચયના પ્રથમ વરસે જ અમે સાથે બદરીકેદારનાથની યાત્રા કરી. સારામાં સારી હોટલનું બુકીંગ કરાવી મસુરી પણ દર વરસે આવીને રહેતા. બીજે વરસે ગંગોત્રીની યાત્રા કરાવી. પછી વળી ચોથે વરસે પશુપતિનાથ ને છેલ્લે સૌરાષ્ટ્રનો પ્રવાસ પણ અમે સાથે કર્યો.

શ્રી કાંતિભાઇમાં એક વાત ખૂબ સારી હતી. મસુરી આવે ત્યારે માતાજી કે કુમુદબેન (શ્રી કાંતિભાઇનાં ધર્મપત્ની) પૂછે કે હવે તમારો શું કાર્યક્રમ છે? તો શ્રી કાંતિભાઇ તરત જ કહે, "કાર્યક્રમ કોઇ નથી. મહાત્માજી કહે ત્યાં તેટલું રહેવાનું. મુંબઇ જાઓ તો ત્યાં જવાનું. જ્યાં પણ જે કાંઈ કહે તેજ

કરવાનું. એટલે કે હું કહું તે ઝીલી જ લે કેટલો વિશ્વાસ ને શ્રદ્ધા!"

છેલ્લે મેં કહ્યું, "બધી યાત્રા થઇ, પણ દક્ષિણની યાત્રા થઇ નથી." તો તરત જ તેમણે કહ્યું, "ચાલો, તમે કહો ત્યારે તૈયાર જ છીએ. રસોયો સાથે લઇ લઇશું. પણ તે યાત્રા થતાં પહેલાં તેમનો સ્વર્ગવાસ થઇ ગયો."

"વળી તેમની ઇચ્છા પોતાના વતન દેવગઢબારીયામાં મારાં પ્રવચનો ગોઠવવાની હતી, તેમની તે ભાવના તેમના સ્વર્ગવાસ પછી અમે ત્યાં કોલેજમાં પ્રવચનો કરી પૂરી કરી આવ્યા."

"એમના ઘરમાં એમનાં પુત્રવધૂ વળી સમજદાર ને સેવાભાવી છે. વગેરે..."

વાતો પૂરી થતાં પૂ. શ્રીજ ભોજન માટે ઊભા થાય છે. બકુભાઇ શેઠ વિદાય લે છે.

અમે ભોજન માટે મેદાનમાં આવી ભોજન લીધું. ભોજન કરતાં કરતાં મેં કહ્યું, "મહાપુરુષ આ ટામેટાં લો." પૂ. શ્રી કહે, "તમે મને મહાપુરુષ કહો છો ત્યારે ત્યારે મને વાલ્મિકી ભગવાન રામને वन्दे महापुरुष ते चरणारविन्दे। એમ કહે છે. એટલે એમ થયું કે મહાપુરુષ તમે કહો તે બરાબર હશે."

ભોજનબાદ નારાયણભાઇનું આખું કુટુંબ પૂ. શ્રી પાસે આવી ગયું. પૂ. શ્રીએ અજય (નારાયણભાઇના નાના પુત્ર)ને જીવનમાં સાથીદારની પસંદગી અંગે વાતો કરી. વળી મોટા પુત્રની બદલી જૂનાગઢમાં થઇ હોવાથી, જૂનાગઢ પાસેના



બીલખા, સતાધાર, સોમનાથ, વગેરેની યાત્રા કરજો. એ વાતો કરી.

આજે સર્વેશ્વરીનો વિચાર બહાર મેદાનમાં જ્યાં ભોજનમાટે બેસવામાં આવે છે ત્યાંજ ડાયરી લેખન કરવાનો હતો. એટલે પૂ. શ્રીને સર્વેશ્વરી કહે છે હું તો અહીં જ ત્રણ વાગ્યા સુધી આરામ કરીશ ને લખીશ. પૂ. શ્રી કહે, "હા, તમે સ્વતંત્ર છો. દરેક જીવ સ્વતંત્ર છે. જે જે જીવસાથે જેટલું પણ રહેવાનું થાય તેટલો વખત તેની સાથે પ્રેમમય વ્યવહાર કરીએ જેથી તે વિદાય થાય ત્યારે અફસોસ ન રહે કે આપણે એમની સાથે પ્રેમભર્યો વ્યવહાર ન કર્યો. જુઓને! (નારાયણભાઇ સામે જોઇને પૂ. શ્રી કહે) આપણે માતાજી સાથે કેટલો સરસ પ્રેમમય વ્યવહાર કર્યો જેથી તેઓ વિદાય થયાં ત્યારે આપણને સંતોષ."

સાંજે આરામ પછી પૂ. શ્રી એકાએક કહેવા લાગ્યા, "હા. રાતદિવસ આરામ વિના વિતાવ્યા છતાં થાક નહતો લાગતો. માતાજીને રાત કે દિવસ ચાલે છે તેની પણ ખબર નહતી પડતી. માતાજીને સ્વચ્છતા ખૂબ ગમતી અને એ રીતે આપણે કાળજી પણ રાખી."

"તેઓ કશું ખાઇ ન શક્યાં. ખાવાની ઇચ્છા જ જાણે મરી ગઇ હતી! તમારા ઉપર કેવો પ્રેમભાવ વરસાવ્યો!"

જેમ સોનું અગ્નિમાંથી નીકળીને કંચન બને તેમ તમે અગ્નિ પરીક્ષામાંથી નીકળીને કંચન બન્યાં. વિરોધોની વચ્ચે પણ સેવા કરી પવિત્રતાથી એ કસોટી પાર કરી. વિરોધીની પણ પ્રેમથી સેવા થઇ શકે એ જાણે તમે બતાવી આપ્યું. વિ.

વાતો થઇ.

સાંજે છ વાગ્યે પૂ. શ્રી પોતાના રૂમમાં ફરીથી પોતાની પ્રિય માળા હાથમાં લઈને જપ કરતાં કરતાં ફરી રહ્યા છે.

હવે થોડા જ સમયમાં માતાજીની પુણ્યસ્મૃતિમાં ગીતાપાઠ ને શ્રાદ્ધાંજલિનો કાર્યક્રમ શરૂ થયો. દરરોજની જેમ આજે પણ ગીતાના ૧૨ ને ૧૫ મો અધ્યાય વંચાશે. વળી આજે સરળગીતાનો ચોથો અધ્યાય વાંચી, "તારે ચેતવું હોય તો ચેતજે," ભજન ગવડાવવા વિચારું છું. પછી રામકૃષ્ણની સ્તુતિ ને ધૂન થશે. ત્યારબાદ શ્રી ભાઈલાલભાઈ માતાજી ઉપર કાંઈક બોલશે.

ઉપર મુજબનો કાર્યક્રમ શરૂ થયો પરંતુ ભાવનગરનાં એક ભાવિકબેનને માતાજીમાં થયેલાં અલૌકિક અનુભવોના પ્રસંગનું વાંચન થયું જે નીચે મુજબનું હતું. એક બેને તે લખીને આપ્યું હતું–

**પરમ પૂ. શ્રી તથા પૂજ્ય મા.**

સાદર –પ્રણામ.

પૂ. ગુરુદેવશ્રી આપ ઘણી વખત એવું કહો છો કે માને હું જગદંબા સ્વરૂપ માનું છું. પૂ. માતાજી પણ જગદંબા સ્વરૂપ હતાં. આ વાત તદ્દન સત્ય છે. તમે કહો છો માટે આ માનું છું એમ નહીં, પણ અમારી સાથે જ બેસનાર એક બેનને મા તથા માતાજીના પાર્થિવ દેહમાં સાક્ષાત્ જગદંબાનું દર્શન થયેલું–ખુંલ્લી આંખે. તેની વાત મને આપને કહેવાની ખૂબ ઈચ્છા છે. મા તથા માતાજીના મહિમાનું દર્શન આ પ્રસંગથી



થાય છે. માટે રોજ રોજ જે એક વ્યક્તિ બોલવા ઊભા થાય છે તેમાં આ પ્રસંગ વણી લેવા જેવો છે. જેનાથી સૌને ખૂબ જ લાભ થશે.

તે બેનના જ શબ્દોમાં હું તે પ્રસંગ નીચે લખું છું વાંચવા કૃપા કરજો.

જે બેનને દર્શન થયું છે તે ભાવનગરના કણબીવાડમાં રહે છે. મોટી ઉમ્મરનાં માજી છે. તેમનું નામ કુસુમબેન છે. બીજા પણ ઘણા જગદંબાના અનુભવ તેમને થયેલા છે. તેમને થયેલું દર્શન આ પ્રમાણે હતું:–

"ભાદરવા વદ ૧૧ ને શનિવાર તા. ૪–૧૦–૮૦ ના રોજ સાંજે હું માતાજીના પાર્થિવ શરીરનાં દર્શને ગઈ ત્યારે અંદરનો ઓરડો આખો ભરેલો હતો. બહાર પણ લોકો ઘણા હતા. સ્તોત્ર પાઠ ચાલતા હતા. એમાં બહારગામથી મહેમાનો આવ્યા ને અંદરના બેઠેલાં ભાઈબેનો બહાર નીકળી આંગતુકોના દર્શનાર્થે જગ્યા કરી આપી. દર્શન કરી સૌ બહાર જતાં રહેતાં હતાં, તેથી રૂમમાં સહેજ લોકોની ગીરદી ઓછી થઈ ને હું અંદર ગઈ. મેં માતાજીના ફૂલથી શણગારાયેલા પાર્થિવ શરીરને વંદન કર્યાં, ને દર્શન કર્યાં તો તેમના ચહેરાપર અસીમ તેજ હતું. આરાસુરનાં માતાજીમાં જે દર્શનનો અનુભવ કરું છું તેવાં જ જગદંબાના દર્શન મને માતાજીના પાર્થિવ શરીરમાં થવા લાગ્યાં. તેથી હું તો રૂમમાં એક ખૂણામાં સર્વેશ્વરીજીની બાજુમાં બેસી ગઈ. મને બીક હતી કે કોઈ મને ટોકશે કે ઊભા થઈ બહાર જાવ એમ કહેશે, જેથી બીજાં આવનારાંને દર્શન માટે જગ્યા મળી રહે. પણ મને થયું

કે કહેશે ત્યારે બહાર જઇશ. પણ અત્યારે તો માતાજીમાં જે દિવ્ય જગદંબા—અંબાજીનું દર્શન થઇ રહ્યું છે તે કરી લેવું જોઇએ."

આ રીતે પૂજ્ય જ્યોતિર્મયી માના પાર્થિવશરીરમાં તેમને ખુલ્લી આંખે આરાસુરી અંબામાનું દર્શન થયું.

હવે પૂ. સર્વેશ્વરી મામાં બીજે દિવસે જે સાક્ષાત્ જગદંબાનું દર્શન થયું તે તેમના જ શબ્દમાં લખું છું જે વાંચવા કૃપા કરશો.

"ભાદરવા વદ બારસનો દિવસ. સવારે વહેલા હું સ્મશાન યાત્રામાં ભળવા માટે પૂ. શ્રીના નિવાસસ્થાને પહોંચી ત્યારે લોકો સ્તોત્રપાઠ કરતા હતા. થોડીવાર પછી સ્મશાનયાત્રાનો પ્રારંભ થવાનો સમય થતાં પાલખી શણગારી બહાર લાવવાની હોઇ, સૌ ભાઇબેનો બહાર આવી બેઠાં. હું પણ સૌ બેનો સાથે બેઠી. ભજન ધૂન ચાલતી હતી. થોડીવારે પાલખીમાં ફૂલથી શણગારી માતાજીના પાર્થિવ તનુંને બહાર લાવી ખુલ્લી ગાડીમાં મૂકવામાં આવ્યું. દરમ્યાન એક તરફ ભાઇઓ ને બીજી તરફ બેનો ઊભાં રહી ગયાં. બેનોમાં હું પણ ઊભી હતી."

પાલખી પાછળ પૂ. યોગેશ્વરજી નીકળ્યા. ધીમે પગલે તે ટેમ્પા પાસે આવ્યા તેની પાછળ જ પૂ. સર્વેશ્વરીમા હતાં. તે ઉંબરામાં થોડીવાર અટકી ગયેલાં. તે વખતે મેં તેમનાં દર્શન કર્યાં, વંદન કર્યાં.

ત્યારે દૂરથી જોતાં સર્વેશ્વરીનું મુખારવિંદ પૂ. શ્રીને મળતું આવતું હતું. તેથી મેં તેમને યોગેશ્વરી જગદંબા માન્યાં



તેમના મસ્તક પર સુવર્ણનો ચમકતો મુગટ કેરીની ડિઝાઇનવાળો હતો. હાથમાં ત્રિશુલ હતું, જે તેમની ઊંચાઇનાં જ માપનું, મસ્તક સુધીનું હતું. ફૂલ ગુલાબી (પ્લેઇન) બેંગોલી ઢબે સાડી માએ પહેરેલી હતી. તેમના ગળામાં સફેદ પુષ્પોની માળા હતી. આવાં દિવ્યદર્શન કરીને મારા મોઢામાંથી શબ્દો સરી પડયા:–

"જય મારી મા"

થોડી જ વારમાં આ ખુલ્લી આંખે દેખાતું અંબાજીનું સ્વરૂપ અદૃશ્ય થયું ને સર્વેશ્વરી જેવાં હતાં તેવાં જ દેખાવા લાગ્યાં.

ઉંબરામાંથી સર્વેશ્વરી નીચે ઉતરીને તારાબેન સાથે માતાજીની પાલખી પાસે યોગેશ્વરજીની સાથે બેઠાં, ત્યારે ફરી મારા મોઢામાંથી શબ્દો સરી પડયા:–

"હાશ, મારી મા બેઠી"

શ્રી કુસુમબેનને આ દર્શનથી ખૂબ અનહદ આનંદ થયેલો ને મેં તેમને આગ્રહ કરી એમના જ શબ્દોમાં આ અનુભવ લખાવવા વિનંતી કરી. તેમણે મને કહ્યું કે:–

"તને આવા અનુભવોમાં વિશ્વાસ છે માટે મારાથી અચાનક કહેવાઇ ગયું. બાકી જાહેર કરવા હું નથી ઇચ્છતી, કેમકે કદાચ મારો અનુભવ કોઇ સાચો ન માને."

મેં તેમને કહ્યું, "અમારા હિત માટે લખાવો. આ દર્શનથી અમારો વિશ્વાસ બળવાન બનાવો ને વળી સૌને ખ્યાલ આવે કે પૂ. શ્રી માનાં જે વખાણ કરે છે તે ખોટાં નથી. જે હકીકત

છે તેજ આપણા સૌના હિત માટે કહે છે."

બહુ લાંબુ લખાણ છે ક્ષમા કરજો. આ અનુભવ કુસુમબેનનો છે છતાં મને બહું આનંદ થયો ને ઉત્સાહમાં તમને લખી નાંખ્યો.

પૂ. શ્રી, પૂજ્યમા અને જ્યોતિર્મયી મા સૌના ચરણોમાં વંદન, હજારો વંદન.

"ૐ મા"

આ અનુભવનું લેખન લખનાર તેમજ અનુભવ કરનાર બંને ભક્તો હાજર હોવા છતાં, નારાયણભાઈએ એ અનુભવ વાંચી સંભળાવ્યો.

અનુભવના વાંચન બાદ શ્રી ભાઈલાલભાઈએ પોતાનું વક્તવ્ય અડધો કલાક આપ્યું. ત્યારબાદ સૌ વિદાય થયા.

પૂ. શ્રી સાથે સર્વેશ્વરીએ નાસ્તો લીધો. આજકાલ ખાદીભંડારમાં સારી ખાદી ને વળતર પણ મળે છે. જેથી પૂ. શ્રીને ખાદી ખરીદવાનું સૂચન થયું. પૂ. શ્રીએ કહ્યું, "આ દિવસોમાં બહાર ક્યાંયે જવું નથી."

પ્રભુ પણ પૃથ્વીપર પ્રગટે ત્યારે લીલા ને આદર્શ ખાતર માનવોચિત વ્યવહાર કરતા હોય છે, એ સત્યજ છે. માતાજી હોસ્પિટલમાં હતાં ત્યારે ઘણા દિવસો ભોજનમાં શીરો કે બપોરે આઈસ્ક્રીમની સૂચના ભાવિક ભક્તો કરતા, તો પૂ. શ્રી સાફ ના પાડતા કે "માતાજી માંદગીને બિછાને છે ને આપણે શીરો કે આઈસ્ક્રીમ કેમ ખાઈ શકીએ? ભોજન સાદુ જ ને બને તો રોજ ખીચડી જ લાવજો." જુઓ, કેવી આદર્શ રીત છે.



આ મહાપુરુષની!

નવરાત્રી એકટંક ભોજન લઈને પૂ. શ્રી કરવા વિચારે છે. પ્રભુની ઈચ્છા હશે તેમ થશે.

આજે આશ્વાસનના ઘણા પત્રો આવ્યા. પૂ. શ્રીએ કહ્યું જેમ સ્વર્ગવાસનાં કાર્ડ છપાવ્યાં એ રીતે આશ્વાસનના જવાબનાં કાર્ડ છપાવીએ તો? એટલે સર્વેશ્વરીએ પણ એમાં સંમતિ આપી, જેથી કાર્ડ ઉપર શું લખવું તે પૂ. શ્રીએ લખાવી દીધું.

પૂ. શ્રી દશવાગ્યે આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ લખીને આરામ કરે છે. હરિ: ૐ

(ક્રમશ:)

શ્રી યોગેશ્વર કૃપા

## સંદીપ વેલ્ડીંગ વર્કસ

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત-૩૯૫ ૦૦૭.**

સામાન્ય માનવો માટે

# પૂ. શ્રી યોગેશ્વરજીનો જીવન સંદેશ

નારાયણ હ. જાની

દર વર્ષે અઢારમી માર્ચ આવે એટલે પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આપણા સહુ વચ્ચેથી થયેલી વસમી વિદાયની સ્મૃતિઓ તાજી થાય, એ સ્વાભાવિક છે. આપણે સહુ તો પૂ. મા નથી, જેથી "પૂ. શ્રી છેજ" એવું અંગત અનુભવના આધારે કહી શકીએ. આમ છતાં પૂ. મા જે રીતે આજે છ–છ વર્ષથી અન્નનો ત્યાગ કરી તપ કરતાં રહે છે, તેમાં પૂ. મહાત્માશ્રીની સૂક્ષ્મ શક્તિઓ કાર્ય કરી રહેલી છે એવું બુદ્ધિથી સમજાય છે; નહિ તો આવી ઉગ્ર તપશ્ચર્યા પ્રભુસ્વરૂપ ગુરુદેવની કૃપા સિવાય શી રીતે થઇ શકે? ખરૂં કે નહિ?

પૂ. શ્રીના પાર્થિવતનુના અગ્નિસંસ્કાર પછીના બીજા દિવસે અમે અમદાવાદમાં એક સ્નેહીને ત્યાં હતા. રાતભર ઉંઘ આવેલી નહિ. એટલે વહેલી પરોઢના અમે ઊઠીને, તેમના બંગલાના પોર્ચના હીંચકા ઉપર બેઠા. માર્ચ માસનું વહેલી સવારનું વાતાવરણ તો ખુશનૂમા હતું; પરંતુ અમારૂં મન વિષાદગ્રસ્ત. તેથી પ્રભાતની ખુશનૂમાનો અભુવવ એ શી રીતે કરી શકે? સાચું છે કે પોતાના મનનું પ્રતિબિંબ જ નિસર્ગના વાતાવરણ પર પડતું માણસ અનુભવે છે.

એ વખતે અમારા મનમાં વારેવારે એકજ પ્રશ્ન ઉઠતો કે



"અરે! આ બધી કુદરત એની એજ છે, પરંતુ પૂ. ગુરૂદેવ વિનાનો આ દિવસ, આ સૃષ્ટિ, આ જીવનનું હવે શું પ્રયોજન? જીવન જાણે હવે રસહીન, ચેતનાહીન બની ગયું. એમાં જીવવાનો આનંદ પણ ક્યાં રહ્યો?" આ બધા વિચારો ને લાગણીઓને લીધે અમારી આંખોમાંથી અવિરતરીતે અશ્રુઓની ધારા વહી રહી હતી. ત્યાં અમારા એ સ્નેહીએ અમારી પાસે આવીને કંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય હીંચકા પર પોતાની બેઠક લીધી. તેઓની આંખો પણ અમારી આ વિષાદગ્રસ્ત અવસ્થા જોઇ ઉભરાઇ આવી. તેઓએ અમારા વાંસા ઉપર લાગણીપૂર્વક હાથ પ્રસારતાં ધીમેથી કહ્યું, "હું તમારું દુઃખ સમજી શકું છું. પરંતુ તમે તો એ ભાગ્યશાળી વ્યક્તિ છો કે જીવનમાં એ મહાપુરુષ પાસેથી ઘણું ઘણું પામ્યા છો, તેનો વિચાર કરો. તેને વાગોળો. એમાંથી બાકીના શેષ જીવન માટે જીવી જવાનું ઘણું બધું ભાથું મળશે. વળી તેઓએ તમોને અધ્યાત્મનું જે કામ સોંપ્યું છે, તે પણ કર્તવ્ય ગણી કરવાનું છે. આમ ભાંગી પડયે કેમ ચાલે?"

એ ભાઈની વાત સાચી હતી. આમ વિષાદગ્રસ્ત બની અર્જુનની જેમ હતોત્સાહ થઇ જવાનો કઇ અર્થ ન હતો. પૂ. શ્રીની હયાતીમાં જે વાતોનો કદી વિચાર કર્યો ન હતો, તે વાતો વિષે હવે વિચારવાનું હતું. આ વિષાદે અમને વિચારવાની એક નવી દૃષ્ટિ જાણે કે આપી.

આ જગતમાં જ્ઞાનની વાતોનો ઉદ્દગમ વિષાદમાંથી થયો છે. શ્રીમદ્દભગવદ્દગીતા અને યોગવસિષ્ઠ જેવા આધ્યાત્મિક જ્ઞાનના અમૂલ્ય ગ્રંથો જુઓ તો વિષાદમાંથી જ જન્મ્યા છે ને? એટલે અમે પણ પૂ. શ્રીના જીવન ઉપર એક નવી

દૃષ્ટિથી જોવા લાગ્યા. તો એમાંથી અગાઉ જેનો કદીય વિચાર નહિ આવેલો એવી વાતો સ્ફુરવા લાગી.

પૂ. શ્રી કહેતા કે અમારું જીવન એજ અમારો સંદેશ છે, કારણ કે એ મહાપુરુષના જીવનમાં વાણી અને વર્તનમાં કદી ભેદ ન હોતો. જેવું બોલતા, ઉપદેશતા, એવું જ આચરતા ને જીવતા. એમનું જીવન જાણે ખુલ્લી કિતાબ જોઇ લો.

પૂ. શ્રીના જીવનની વિશેષતા કહો કે વિચિત્રતા, એમના જીવનનો આધ્યાત્મિક પાયો મુંબઇ જેવા રાજસી શહેરમાં નંખાયો. ચોવીસે કલાક પ્રવૃત્તિઓથી ધમધમતા એ શહેરમાં એકાંત ને શાંતિ ક્યાં? છતાં પૂ. શ્રીએ પોતાની આગવી સૂઝથી, બાળવયમાં જ આવાં શાંતિનાં સ્થાનો ગોતી કાઢ્યાં. સમુદ્રના કિનારા, હેંગીંગ ગાર્ડનની નિર્જન કેડીઓ ને ઓરફનેઝની અગાસી આ સ્થાનો હતાં. આધ્યાત્મિક ચિંતન–મનન ને નિદિધ્યાસન માટેનું આવશ્યક એવું એકાંત તેઓએ અહીં શોધી કાઢ્યું. તેઓ વહેલી સવારે ગાર્ડન પર ચઢી જતા, તો ભર બપોરે સમુદ્ર તટપરના નિર્જન પથ્થરો પર એકાંત મેળવી લેતા. મધ્યરાત્રિનું એકાંત ઓરફનેઝના મકાનની અગાસી પર મળી રહેતું. અહીં રહેતા પ્રેતની માન્યતાને લીધે વિદ્યાર્થીઓ આ અગાસી ઉપર આવતાં ડરતા. પૂ. શ્રીના જીવનનો પ્રધાનગુણ અભય હતો. એટલે જ તેઓ આ અગાસીમાં રાત્રે એકલા સૂઇ રહેતા. જ્યારે પણ જાગતા ત્યારે ધ્યાન, ચિંતન કરતા કે પ્રભુસ્મરણ કરતાં કરતાં આંટા મારતા.

આ ઓરફનેઝમાં લગભગ દોઢસો જેટલા વિદ્યાર્થીઓ



રહેતા. આટલા મોટા સમુદાય વચ્ચે એક મકાનમાં વસીને શું કોઇ આધ્યાત્મિક સાધના કરી શકે? લગભગ અશક્ય લાગતી આ વાત પૂ. શ્રીએ જીવનમાં આચરી શક્ય કરી બતાવી.

અમે અમારી આંખો સામે જોયું કે મુંબઇના કોલાહલ વચ્ચે પણ, આત્મિક સાધના થઇ શકે છે. આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન અને સંવર્ધન પણ થઇ શકે છે. પૂ. શ્રીનું બાળજીવન આનું જીવંત ઉદાહરણ છે. એ માટે જરૂર છે માત્ર ખરા દિલની લગનની, ધગશ ને ઉત્સાહની. પૂ. શ્રીના જીવનના આ સંદેશને લોકો યાદ કરે તો તેઓની ઘણી બધી સમસ્યાઓનું હલ થઇ જાય. પછી તેમને આવાં સ્થાનોથી ભાગીને એકાંત શોધવાની જરૂર નહિ રહે. જ્યાં ને જે સ્થિતિમાં રહેવાનું પ્રભુએ આપ્યું હોય, તેમાંથી માર્ગ કાઢી આત્મિક વિકાસ થઇ શકે છે. લોકો આ વાત યાદ રાખે તો તેઓને પોતાની ગમે તેવી ખરાબ વર્તમાન સ્થિતિ અંગે ફરિયાદ કરવાનું કોઇ કારણ નહિ રહે.

પૂ. શ્રીના જીવનની આ વાત આપણી પરંપરાગત ધાર્મિક માન્યતાઓથી કેટલી બધી ભિન્ન લાગે છે! આપણે એવું માનતા અને મનાવતા આવ્યા છીએ કે આત્મિક સાધના તો હિમાલય જેવાં એકાંત સ્થાનોમાં જઇને જ થાય. એ સાચું કે જ્યાં કુદરતી વાતાવરણની સહજ શાન્તિ હોય ત્યાં મનને શરૂની અવસ્થામાં એકાગ્ર કરવું સહેલું બને છે. એનો અર્થ એવો નથી કે એવું વાતાવરણ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી આપણે આધ્યાત્મિક સાધના કર્યા વિના હાથ જોડીને બેસી રહેવું. મનુષ્ય જીવનમાં પ્રારબ્ધ તો અવશ્ય ભાગ ભજવે

છે, પરંતુ પુરુષાર્થ કરી નવું પ્રારબ્ધ સર્જવાની સ્વતંત્રતા પણ પ્રભુએ એટલી જ માણસને આપી છે. આપણે પ્રમાદી થઈ, પ્રભુને તેમ જ પ્રારબ્ધને ભાંડતા રહી આપણી એ સ્વતંત્રતાનો ઉપયોગ ન કરીએ તો આપણા જેવો કમભાગી કોણ?

ભગવાન શંકરાચાર્યે સાચું જ કહ્યું છે કે:–

લબ્ધવા કથંચિત્ નરજન્મ દુર્લભમ્,
તત્રાપિ પુંસત્વં શ્રાતુપારદર્શનમ્।
યસ્તુ આત્મમુક્તૌ ન યતેત મૂઢધી:
સ: હિ આત્મહા, સ્વં વિનિહન્ત્યસદ્ગ્રહાત્।।

"પૂર્વ જન્મનાં સત્કર્મોના પરિણામે જેમને દુર્લભ માનવ શરીર મળ્યું છે, તેમાંય પુરુષ શરીર અને શાસ્ત્રોનું થોડું જ્ઞાન, આમ છતાંય જો તેવા માણસો પોતાની મુક્તિ માટે મૂઢબુદ્ધિ થઈને પ્રયત્ન ન કરે તો તેઓ ખરેજ, આત્મઘાતી છે. અસત્ય વસ્તુઓ કે વિષયોના ખોટા પાશમાં પડીને તેઓ પોતાનો નાશ નોતરે છે."

* * *

પૂ. શ્રીના જીવનની બીજી શિખામણ પણ એટલી જ ઘોતક છે.

સમાજના મોટાભાગના માણસો એવું માનતા હોય છે કે આત્મકલ્યાણ માટે ઘરનો ત્યાગ ને સંન્યાસી થવું જરૂરી છે. જે માણસો માટે કર્મવશાત્ ઘરનો ત્યાગ કરવાનું ને સંન્યાસી થવાનું લખ્યું હોય તે ભલે થતા. પરંતુ શું ગૃહસ્થાશ્રમમાં વસતા લાખ્ખો લોકો આત્મકલ્યાણના અધિકારી જ નથી?



જો બધા જ એ રીતે ગૃહત્યાગ કરવા મંડી જાય તો પછી સમાજની સ્થિરતા જ જોખમાઈ જાયને? પાયો જ નષ્ટ થઈ જાય.

મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાના જીવનદ્વારા એ બતાવ્યું કે કપડાં બદલી ઘરમાંથી વનમાં જવાની જરૂર નથી; કારણ માનવજીવનની સર્વ સમસ્યાઓના મૂળ સમું મન તો ઘરની જેમ વનમાં પણ સાથે જ આવવાનું. કેવળ સ્થળાંતર કરવાથી બધી સમસ્યાઓનું હલ મળી જવાનું નથી. એટલે સાચો ઉપાય એ છે કે ભાગ્યવશાત્ જ્યાં છો ત્યાં રહીને એક સારા માનવ બનો. પ્રામાણિક, પવિત્ર અને સદ્ચારિત્ર્યશીલ જીવન જીવો. સમય કાઢીને પણ પ્રભુસ્મરણ ને પ્રાર્થના કરો. પોતાની ફરજો ઉત્તમ રીતે બજાવો ને જેમની સાથે રહેવાનું દૈવવશાત્ નિર્મિત થયું છે, તે સહુ સાથે અનાસક્તભાવે પ્રેમ ને સેવાભાવથી રહો. શરીર ભલે સંસારમાં રહેતુ, પરંતુ મન સંસારમાં ન રાખો. કેવળ કપડું બદલવાથી સાચા સંન્યાસી નથી થઈ જવાતું. જે બદલવાની જરૂર છે તે મનજ છે. કપડું બદલો પણ મન જો વિષયાસક્ત કે લોલુપ રહ્યું તો જીવનમાં કશો જ ફરક નહિ પડે. તેજ કે પ્રકાશ નહિ આવે. પ્રગતિ નહિ સધાય.

એનાથી ઉલ્ટું કપડું બદલ્યા સિવાય જો મન શુદ્ધ ને પવિત્ર કરશો, તો આત્મિક માર્ગે જરૂર આગળ વધી શકાશે. સંસારમાં રહ્યા છતાં સંસારની બુરાઈઓથી બચી જવાશે; પ્રભુના માર્ગે આગળ વધી શકાશે. સામાન્ય માણસોને માટે પૂ. શ્રીના જીવનના ઘણા બધા સંદેશાઓમાંના આ બે મહત્ત્વના છે. તેમના વિષે વિચારી અમલ કરશો તો પૂ. ગુરુદેવ તો

સહાય કરવા તત્પર જ છે. ફક્ત જરૂર છે તેમના પ્રત્યે પગલાં માંડવાની.

આ દિશામાં સહાયરૂપ થવા પૂ. શ્રી આપણને એક બીજું પણ પ્રત્યક્ષ અવલંબન આપી ગયા છે, તે છે પૂ. શ્રી સર્વેશ્વરી માનું. આજના વિજ્ઞાનયુગમાં જ્યારે માનવ બધાં જ ક્ષેત્રોમાં પ્રત્યક્ષ પ્રમાણો માગી રહ્યો છે, ત્યારે પૂ. માની અતિવિરલ તપસ્યાનું કોઇ સમાધાન વિજ્ઞાનના પરિક્ષેપમાં મળી શકે એમ નથી. છ છ વર્ષોના એકધારા ઉપવાસો છતાં તેઓ સમગ્ર દુનિયામાં ધર્માર્થે વિચરણ કરી, માનવોને પ્રભુપંથે પડવાની પ્રેરણા આપી રહ્યાં છે, એ શું પ્રભુ ગુરુદેવનું કાર્ય ઓછું થોડું છે! આપણે જો એનો લાભ ન લઈ શકીએ તો એમાં આપણા ભાગ્યનો જ દોષ કે બીજું કંઇ? વિચારો.

### સદ્‌વિચારો

તમારી સમજશક્તિને મોટા શબ્દકોષ જેવી સમજશો નહિ. પવિત્ર શાસ્ત્રો–જો તેમનો એક એક ફકરો ધીરે ધીરે આસ્તેથી સમજીને પચાવાય તો આત્મદર્શનની જીજ્ઞાસા ઉત્પન્ન કરવામાં મદદ પૂરે છે; નહિ તો માત્ર સતત બૌદ્ધિક અભ્યાસ, મિથ્યાભિમાન, ખોટો આત્મસંતોષ અને અપક્વ જ્ઞાનજ પેદા કરે છે.

માણસજાત એક સંતના મતે બે વર્ગોમાં વહેંચાયેલી છે. તદ્દન અજ્ઞાની મનુષ્યો જેઓ ઈશ્વરને શોધતા જ નથી અને બીજા જ્ઞાનીઓ જેઓ એને શોધે છે.

યુક્તેશ્વર ગિરિજી



# સદ્‌ભાવભરી સહાયનો સ્રોત

માર્ચ ૯૦ ના અંક માટેની સદ્‌ભાવભરી ભેટની યાદી અમે થોડા દિવસ પહેલાં બનાવી રહ્યા હતા, ત્યારે અમને વિચાર આવ્યો કે આ યાદીમાં તો અરે, દોઢ હજાર રૂપિયા જેટલા જ થયા છે! પરંતુ બીજા ત્રણ ચાર દિવસોમાં જ રૂપિયા ત્રણેક હજાર એકાએક જુદી જુદી વ્યક્તિઓ મારફત આવી ગયા. અમને તે જોઈ ભારે આશ્ચર્ય થયું. મનમાં થયું પૂ. ગુરુદેવ આ દ્વારા કહી રહ્યા છે "તું પૈસાની ચિન્તા શું કામ કરે છે? અમે બેઠા છીએ. તું તારૂં કામ કર્યે જા." વાહ! મારાં મા–પ્રભુ; તમારી અદ્‌ભુત શક્તિને અમારા કોટિ કોટિ વંદન હો; વંદન હો.

છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:–

રૂ.

૧૧ સોનેજી વસંતલાલ ગિરધરલાલ, મોરબી–નવું ટી.વી. ખરીદતાં.

૫૧ અશ્વિનકુમાર નટવરલાલ પટેલ, કાસોડ-જિ. સુરત.

૫૦૧ શ્રી અંબાલાલભાઈ મિસ્ત્રી, રગ્બી યુ.કે. તેઓશ્રીનાં પૂ. માતાજીના સ્વર્ગવાસ નિમિત્તે.

૧૫૧ ગં. સ્વ. મણિબેન ખુશાલભાઇ મિસ્ત્રી, રગ્બી. યુ.કે.

૨૧ શ્રી વસંતલાલ રામશંકર ભટ્ટ, મુંબઈ.

૧૦૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઈ, સુરત–આખું વર્ષ માંદગીમાંથી ઉગરી જતાં.

૧૪૦ શ્રી પ્રભુદાસભાઇ પ્રજાપતિ, કેનેડા.
૨૧ શ્રી સંગીતાબેન અનિરૂદ્ધ કાકા, વડોદરા.
૨૦૧ શ્રી યોગ કન્સ્ટ્રક્શન કંપની વડોદરા વતી.
૫૦૦ શ્રી શારદાબેન રતિલાલ શાહ, અમેરિકા–બેન પલ્લવીના વિવાહ નિમિત્તે.
૧૦૧ શ્રી મમતાબેન પી. ભાટિયા, જૂનાગઢ.
૨૫૧ શ્રી બચુભાઇ અને ઇલાબેન ભક્ત, કપૂરા તરફથી પુત્ર મનોજકુમારના લગ્ન નિમિત્તે.
૫૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.
૨૫ શ્રી દીલિપભાઇ છગનભાઇ સોરઠિયા, સુરત.
૧૦૦ શ્રી જગદીશ સી. ઠાકર, મુંબઇ તરફથી પુત્ર દેવાંગના જન્મદિન નિમિત્તે.
૫૧ શ્રીમતી વર્ષા આર દવે, રાજકોટ–પતિદેવનું સ્વાસ્થ્ય સુધરતાં.
૫ એક સાધક તરફથી.
૧૦૦ શ્રી કે. સી. ત્રિવેદી, સુરત–પૌત્ર તપનની જનોઇ નિમિત્તે.
૧૧ ભાવનગરના એક સાધક તરફથી ખોવાયેલી બેગ મળતાં.
૧૦૧ શ્રી ઠાકોરલાલ મો. શાહ, વડોદરા–બેન દીપિકાના લગ્ન નિમિત્તે.
૧૫૪૦ શ્રી સુશીલાબેન ધીરુભાઇ ભક્ત, લોસ એન્જેલેસ.
૧૫૧ શ્રી સરસ્વતીબેન નટુભાઇ પટેલ, U. S. A.
૨૫૧ શ્રી સીતારામભાઇ રામભાઇ ભક્ત, કપૂરા.



૨૫૧ શ્રી ગુલાબબેન સીતારામભાઇ ભક્ત, કપૂરા.
૧૦૧ શ્રી હિમ્મત મેડિકલ એજન્સીઝ, બિકાનેર તરફથી એમ્બેસેડર કાર ખરીદતાં.
૧૦૧ શ્રી રમેશકુમાર હિમ્મતલાલ પરીખ, બિકાનેર–ભાવનગરમાં તા. ૧૪–૨–૯૦ ના દિને ભૂમિ-પૂજન નિમિત્તે.
૫૧ શ્રી નૈનાબેન દિલીપકુમાર પરીખ, બિકાનેર–ખોવાયેલું સ્કુટર ચાર દિવસ પછી મળી જતાં.
૫૧ શ્રીમતી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૩૨ કુ. અમિતા પ્રાગજી, સાઇથ આફ્રિકા.
૧૫૭ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, છોટા ઉદેપુર–ગ્રેચ્યુઇટી, પેન્શન વગેરે મંજુર થતાં.
૭૫ શ્રી વિજુબેન એન. પટેલ, માસમા અસહ્ય દુઃખાવો સારો થતાં, આંખનું ઓપરેશન સફળ થતાં તેમજ માંદી ભેંસ ઉગરી જતાં.
૧૦૦ શ્રી નટુભાઇ પટેલ, માસમા અકસ્માતમાંથી ઉગરી જતા, ભેંસ સારી થઇ જતાં, મનોકામના સફળ થતાં તેમજ રાજદૂતના અકસ્માતમાંથી બચી જતાં
૨૫૧ શ્રી હરેશભાઇ તેમજ મહાલતાબેન કોન્ટ્રેક્ટર, વડોદરા-પુત્ર અતુલ અને પુત્રી પ્રીતિનાં લગ્ન નિમિત્તે.

સહુનો આભાર ને અભિનંદન.

## ભાવભરી ભેટ

ભાવનગરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ચાલે છે. તેનાં સાધક ભાઈબહેનો થોડા વખતથી દર મહિનાની ૧૮ તારીખે, સત્સંગનો એક ખાસ કાર્યક્રમ વારાફરતી યોજે છે. કારણ તે તારીખ એ પ. પૂ. શ્રી યોગેશ્વરજીની નિર્વાણ તારીખ છે.

૧૮ ફેબ્રુઆરીએ આ સત્સંગની બેઠક શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલને ત્યાં હતી. ગોહિલ દંપતી ખૂબ ભાવિક, સંસ્કારી ને સાત્ત્વિક છે. સત્સંગના અંતે તેઓએ અમોને રૂ. ૭૦૦/– અધ્યાત્મને ભેટ આપ્યા. પૂછતાં જણાવ્યું "દર મહિને અમે સત્કર્મ માટે જે રકમ જુદી કાઢીએ છીએ તે આ છે. તે સ્વીકારો."

વળી તેમની પુત્રીઓએ પૂ. માએ આપેલ માટીનો બચતકુંભ પણ અમને આપ્યો. એમાંથી પણ રૂ. ૪૩૦/૪૦ ની રકમ નીકળી. માતાપિતા કે સગાંસ્નેહીઓએ આપેલા પૈસા આ રીતે સત્સંગના કુંભમાં નાંખી, તેને સત્કર્મ માટે આપી દેવાની બાળાઓની ભાવના કેટલી બધી ઉન્નત છે! એમની આ ભાવનાભરી ભેટથી અમે ખરે જ ભીંજાઈ ગયા. એ બહેનો ને દંપતીને શુભાશીષ અને અભિનંદન.

—તંત્રી



# સમર્થ શ્રી અક્કલકોટ સ્વામીનો કૃપા પ્રસંગ

પ્રો. રવિશંકર જોષી

[ પ્રો. શ્રી રવિશંકર મ. જોષીને આગલી પેઢીના લોકો ભાવનગરની શામળદાસ કોલેજના એક પ્રતિભાસંપન્ન ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક તરીકે જાણે છે. પોતાના ઘણા વિદ્યાર્થીઓના જીવનમાં અંગત રસ લઈ, તેઓએ પોતાના જીવનના બીજા માનવીય પાસાનો પણ પરિચય કરાવ્યો છે.

પરંતુ અહીં તેઓશ્રીના જીવનના આધ્યાત્મિક પાસાને દર્શાવતો એક વિરલ પ્રસંગ રજુ કરવામાં આવ્યો છે. તે તેઓશ્રીએ પોતે જ અવધૂતલીલાના આમુખમાં લખેલ છે.

આપણામાંથી ઘણાંઓએ એક્કલકોટના સ્વામીનું નામ સાંભળ્યું હશે. તેઓશ્રી એક સમર્થ ઉચ્ચકોટિના સંત હતા. ને પ્રેમીભક્તોને દર્શન આપી, તેમનાં દુ:ખદર્દ પણ દૂર કરતા. એ વાત આ પ્રસંગમાં આલેખાઈ છે. વળી આવા સંતો દુનિયાની કોઈપણ ભાષામાં વાત કરવાની ક્ષમતા ધરાવતા હોય છે, તે સત્યની પ્રતીતિ શ્રી જોષી સાહેબે સમર્થ સ્વામીશ્રીના અંગ્રેજી શબ્દો ટાંકીને આપણને કરાવી છે; એટલે એમાં શંકા કરવાને કોઈ કારણ નથી. આવી વાતો અમારા સદ્‌ગુરુ મહાત્માશ્રી યોગેશ્વરજીએ પણ અન્ય સમર્થ સંતોના દર્શન પ્રસંગોની કરેલી. એટલે અમોને એમાં કોઈ શંકા નથી થતી.

—તંત્રી ]

ઈ. સ. ૧૯૨૫ માં હું શામળદાસ કોલેજમાં પ્રોફેસર તરીકે નીમાયો અને ૧૯૨૬ થી મારા જીવનમાં પરલોકની અદૃષ્ટ સૃષ્ટિના એવા પ્રસંગો બનવા માંડ્યા કે તેની હકીકત વ્યવહારુ માણસોને કહીએ તો આપણે હાસ્યાસ્પદ બનીએ અને આ અગમ્ય ઘટનાઓ શું છે તેનો કોઇ ઉકેલ આપી શકે એવું કોઇ હતું નહિ; સવાત્રણ માસનાં વેકેશનો હું મારા પિતાશ્રી પાસે બોટાદમાં ગાળતો. તે વખતે ત્યાં ઈશ્વરલાલ મહેતા નામના ન્યાયાધીશ સાહેબ હતા. તેઓ મને ઘણી વાર તેમને ઘેર બોલાવતા અને તેઓ એવા રમૂજી, સ્નેહાળ અને સૌ સાથે મળી જાય તેવા હતા કે તેમની સાથે રહેતાં મારા અંતરની મૂંઝવણો શાંત થતી અને અન્ય અમલદારોનો પણ પરિચય થતો હતો. મારા અંતરના પ્રશ્નો જાણે તેઓ જાણી જતા હોય તેમ મને સમજાવતા–પરલોકની આ મુશ્કેલીઓથી બચવા હું અખંડ મંત્ર જપ કર્યા કરતો તે પણ તેમણે મને કહી દર્શાવ્યો–હું આશ્ચર્ય પામ્યો. તેમને ચા, ભજીયાં વગેરેનો ખૂબ શોખ. તેમની વાતો પણ કોઇ વાર તો અશિષ્ટ શૃંગારથી નીતરતી હોય. તેમને સૌની બુદ્ધિ વૈભવ ભરી મશ્કરી કરવાની ટેવ હતી. જો કોઇ તેમની વિરુદ્ધ ખટપટ કરે તો તેઓ કહે કે ચાલો તેમને ઘેર. તેને ચા પીવા બોલાવતા. આનંદ કરાવતા અને તેનો બે ચાર દિવસમાં હૃદયપલટો કરાં મિત્ર બનાવી દેતા. તે નિહાળી હું આશ્ચર્ય પામતો.

કોઇ વખત ઘેર હું મૂંઝાતો હોઉં ત્યારે ઈશ્વરલાલભાઇ આવ્યા જ હોય અને મારા પ્રશ્નનો માર્ગ દર્શાવી દે. આવું અનેકવાર બન્યું. ત્યારે હું આશ્ચર્ય પામતો કે ઈશ્વરલાલભાઇ મારી ગુપ્ત આંતરિક બાબતો કેમ સમજી જતા હશે? પ્રસન્નતા, પ્રેમ, હાસ્યરસની છોળો સૌ વચ્ચે રહી પણ તેમની



અખંડ ચાલુ જ હોય. કોઇ કોયડા જેવી વિભૂતિ મને ઈશ્વરલાલભાઇ લાગેલા.

એક વખત તેઓ તેમના પૂજાના ખંડમાં મને લઇ ગયા. ત્યાં અક્કલકોટ સ્વામીની મૂર્તિ પાટલા ઉપર હતી. મેં ઉપચાર કે વિવેકખાતર ત્યાં સવારૂપિયો મૂક્યો. મૂર્તિ જાણે મારી સામે હસી. સુગંધ ભર્યું. ચિત્ત શાંત કરી દે એવું વાતાવરણ પ્રસરી રહ્યું. મને આશ્ચર્ય થયું. ઈશ્વરલાલભાઇએ કહ્યું કે તમારા ઉપર સ્વામીજીની કૃપા છે.

તે વર્ષે મુંબઇ યુનિવર્સિટીની Matriculationની ગુજરાતી પરીક્ષામાં હું Moderator હતો, તેથી એક માસ મુંબઇ રહ્યો. કાર્ય પૂરું કરી હું બોટાદ આવ્યો ત્યાં મારી તબીયત એકદમ બગડી. આંતરડામાં શૂળ અને અગમ્ય વેદના અને તાવ શરૂ થયાં. મારા મિત્ર ડોક્ટર હતા તેમને બોલાવ્યા. તેમણે કહ્યું કે માંદગી વિષમ લાગે છે અને આંતરડાની તપાસ અત્રે થઇ શકશે નહિ. માટે બપોરના ત્રણ વાગ્યે જ ભાવનગર જાઓ એવી મારી સલાહ છે. હું તે પ્રમાણે ભાવનગર જવા ઉપડયો. ઘેર પહોંચ્યો ત્યાં તો તાવ અને આંતરડાની વેદના વધી પડયાં. અને જતાં વેંત ખાટલો જ ઢળાવવો પડયો. Dr. H. L. Vaidya પણ મારા સ્નેહી મિત્ર હતા. તેમને બોલાવ્યા. તેમણે થર્મોમીટરમાં તાવ જોઇ કહ્યું કે ઘરમાં કોણ છે? મારાં પત્ની એકલાં જ હતાં. તેમણે કહ્યું "તાર કરી કોઇ મોટાંને બોલાવો અને અહીં પણ જવાબદાર માણસને રાત્રે સુવરાવો." ડો. યાજ્ઞિક એકદમ આવ્યા. એક મારા મિત્ર ડોક્ટર હતા તેમને તારથી બોલાવ્યા. મારાં માજીને તાર કર્યો. બીજા એક મિત્ર પણ આવી ગયા.

સૌ આવ્યાં પણ તાવ તો ૧૦૮ ડીગ્રી સુધી ચડ્યો. ડો. વૈદ્યે રાત્રિ કદાચ નહિ પૂરી થાય તેમ કહ્યું. મેં સાંભળ્યું. મને પણ હવે પ્રાણ જશે જ એમ લાગવા માંડ્યું. રાત્રિના બાર વાગ્યા. હું ઘોર મૂર્છામાં હતો. મારા મિત્ર ડોક્ટરે પણ હવે છેલ્લી ઘડી લાગે છે એમ કહ્યું.

એકાએક રાત્રિના બાર વાગ્યે ઓરડાનું વાતાવરણ અદ્દ્ભુત સુગંધથી ભરપુર બન્યું. શાંતિ પ્રસરી. સૌ કહે–"આ સુગંધ શેની?" મારા મગજની જાણે ગુલાબ જેવી પાંદડીઓ ઉખેળી કોઈ બોલતું લાગ્યું–"હું અક્કલકોટ સ્વામી, ઈશ્વરલાલની પ્રાર્થનાથી, તમને સહાય કરવા આવ્યો છું. તમે હવે રોગ મુક્ત છો."

કોઈ અદ્દ્ભુત ગંભીર વાણીના આ શબ્દો હતા. પછી તેઓ અંગ્રેજીમાં બોલ્યા. "Now I shall come here on Monday 8th June, morning Eight A. M. Don't speak about all this to anyone." આમાં આશા હતી. આવી વાણી મેં કદી પણ સાંભળી નહોતી. તેનો ઘેરો રણકાર અશ્રુતપૂર્વ હતો. મારો તાવ તૂર્ત ઉતરી ગયો. આંતરડાની વેદના શમી ગઈ. શાંતિના વાતાવરણમાં સૌ ઉંઘી ગયાં. પ્રાતઃકાળમાં ડો. વૈદ્ય પોતાની મેળે જ સ્નેહથી આવી ગયા અને તાવ ઉતરી ગયો તે જોઈ અને હું બચ્યો તે નિહાળી આશ્ચર્ય પામ્યા. "કાંઈ બીજી દવા લીધેલી?" તેમણે પૂછ્યું. સૌએ ના કહી. મને આ હકીકત કહેવાની આજ્ઞા નહોતી તેથી હું તો મૌન જ રહ્યો. તેઓ પ્રસન્ન થઈ–"Crisis has gone"એમ કહી ઘેર ગયા. બે દિવસ વીત્યા. હું આઠમી જૂન સોમવારની રાહ જોતો હતો. પ્રાતઃકાળના બરાબર આઠ વાગે ફરી પેલી



અદ્દ્ભુત સુગંધ અને શાંતિ ઓરડામાં વ્યાપી ગયાં. અને કોઈ દિવ્ય વાતાવરણ મને વીંટી વળ્યું. હું ગાઢ સમાધિમાં પડ્યો.

બે દિવસ આ સમાધિ રહી. મારા શરીરના રોમેરોમમાં કોઈ અમૃત સિંચતું હોય તેવો અદ્દ્ભુત આનંદ અનુભવ્યો. કુદરતનાં અદૃષ્ટ તત્ત્વોમાંથી શરીરને પોષનારાં તત્ત્વો કેમ ખેંચી શકાય છે તેનો મને જાણે પ્રત્યક્ષ અનુભવ થયો. બે દિવસ અમૃતમાં સ્નાન કરતો હોઉં એવી દશા મેં અનુભવી. પરંતુ ત્રીજે દિવસે મારાં પત્ની અને ઘરનાં બધાં બે દિવસથી કાંઈ જમ્યા નથી એ વિચારે, ચિંતાગ્રસ્ત બન્યાં. મેં કહ્યું, "મને આનંદ છે. ખોરાકની જરૂર નથી. મને સૂઈ જ રહેવા દો." વધારે બોલવાની મને આજ્ઞા નહોતી. છેવટે મારાં પત્ની મોસંબીના રસનો એક પ્યાલો મારી આગળ ધરી રડી પડ્યાં. હું દયાર્દ્ર બન્યો અને મોસંબીનો રસ પી ગયો. સ્વામીજીને આ આજ્ઞાભંગ ગમ્યો નહિ. જ્યારે જ્યારે દૈવી સહાય કોઈ વ્યક્તિને મળે છે ત્યારે આસુરી તત્ત્વો ભૂલો જોવા ટાંપી જ રહ્યાં હોય છે. તે તત્ત્વો મારા ઉપર કુદી પડ્યાં અને રાત્રે તો હું ઉન્મત્ત જ બની ગયો. બૂમો પાડી વગેરે. પણ પછી શાંતિ થઈ. આ ત્રણે દિવસ રાત્રે સ્વામીજી મને બ્રહ્મજ્ઞાનનો બોધ આપતા. તેમની વાણી ઘેરી, ગંભીર, દિવ્ય રણકારવાળી હતી. વચ્ચે વચ્ચે તેઓ અંગ્રેજી અને સંસ્કૃત પણ ભવ્ય વાણીમાં બોલતા. આ બોધ નીરવ વાણીમાં અપાયેલો, રમણ મહર્ષિ અને પૂર્વકાળમાં શ્રી દક્ષિણામૂર્તિ આવી રીતે બોધ આપતા. આવી ઉદાત્ત ભાષા મેં કદી સાંભળી જ નથી.

પ્રભુને પંથે જનારા માણસોને સહાય કરવા આવા મહાત્માઓ પૃથ્વી ઉપરના દરેક ખૂણે ગુપ્ત રીતે વેરાયેલા પડ્યા છે.

# યમનિયમનો મહિમા

મણિભાઈ શાહ

અષ્ટાંગ યોગમાં યમ એ પ્રથમ અંગ છે. ને તેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો સમાવેશ થાય છે. યોગસાધનામાં આનું પાલન અનિવાર્ય છે, એક રીતે તે સામાજીક ધર્મ છે અને સૌને માટે છે પરંતુ રાજયોગમાં યમનિયમનો ઉલ્લેખ નથી. કદાચ એને લીધે જ એવી માન્યતા પ્રચલિત છે કે યમનિયમ વિના પણ યોગ થઇ શકે. યમનિયમ વિના યોગ ભલે થઇ શકતો હોય, પણ યોગના પરિણામો પ્રાપ્ત ન થાય. તેથી યોગસાધકે યોગસાધનામાં પ્રગતિ કરવી હોય તો યમનિયમમું પાલન–અને તેય ચુસ્તપાલન અનિવાર્ય થઇ પડે છે. વળી એવી પણ એક માન્યતા પ્રચલિત છે કે સાધકાવસ્થામાં જ યમનિયમનું પાલન જરૂરી છે, સિદ્ધાવસ્થામાં નહીં. પણ સિદ્ધાવસ્થામાં યમનિયમોનું પાલન આવશ્યક છે, નહી તો પતન થવાનો ભય રહે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક શ્રી સહજાનંદ સ્વામી આવા ભયની સામે ચેતવવા એમના સિદ્ધ શિષ્યોની પાસે પણ યમનિયમના કડક પાલનનો આગ્રહ રાખતા.

એમના એક શિષ્ય વ્યાપકાનંદ સ્વામી સમાધિનિષ્ઠ યોગી હતા. એકવાર સ્વામી સહજાનંદ બ્રહ્મચર્ય વિષે સમજણ આપતાં એમના શિષ્યોને કહેતા હતા કે "પાષાણની અથવા ચિત્રની સ્ત્રી હોય અથવા કાષ્ટની પુતળી હોય તો



પણ ટીકીને જોવી નહિ, પછી સ્પર્શ તો થાય જ કેમ?"

વ્યાપકાનંદ હાજર હતા અને પોતે ઉંચી સ્થિતિએ પહોંચેલા છે એટલે ખુમારીથી કહ્યું. "ચિત્રની સ્ત્રી કે પુતળી તો નિર્જીવ હોય તે અમને શું કરી શકે?"

સહજાનંદસ્વામી કહે, "તેનો ઉત્તર અમે આજ નહીં આપીએ પણ હમણા તો તમે ઉપદેશ આપવા ગામડે ફરવા જાઓ."

પછી સ્વામી વ્યાપકાનંદ ગામડે ફરવા નીકળ્યા. ફરતા ફરતા થાનગઢ આવ્યા ને ત્યાંના મંદિરમાં રાત રહ્યા. મંદિરના ઘુમટમાં સ્ત્રીની પુતળીઓ કોતરેલી હતી. તે જોઈને ભાન ભૂલી ગયા ને પુતળીઓ નાચવા મંડી. આવા અનુભવથી તેઓ બહુ ખિન્ન થઇ ગયા ને તેમાંથી છૂટવા સહજાનંદ સ્વામીને બહુ બહુ પ્રાર્થના કરી. ત્યારે પુતળીઓ નાચતી બંધ થઇ ને સ્થિર થઇ ગઇ.

જ્યારે ગઢડે પાછા આવ્યા ત્યારે પશ્ચાત્તાપપૂર્વક ગદ્‌ગદ્‌કંઠે પોતે ભાનભૂલી ગયાની વાત સ્વામી સહજાનંદને કહી સંભળાવી ને કહ્યું, 'પ્રભુ, તમારી વાત સાચી.'

આમ વ્યાપકાનંદ સ્વામી જેવા સમાધિનિષ્ઠ સિદ્ધને પણ યમનો મહિમા સમજાવી બોધપાઠ આપ્યો.

# સાચા સંતોના સત્સંગમાં પણ હળવાશ

**નવીનચંદ્ર પંડયા**

પૂ. શ્રીનો તેમજ પૂ. મા પ્રભુશ્રીનો સહજ દિવ્ય આનંદ:—પૂ. મહાત્મા યોગેશ્વરજીને મળવાનું સદ્‌ભાગ્ય ડીસેમ્બર ૧૯૬૧ માં મળેલું. શ્રી નારાયણભાઈ જાની સાહેબ જામનગરમાં જિલ્લા માહિતી અધિકારી તરીકે આવેલા. ત્યારે તેમને ત્યાં પધારેલા. તે દિવસોમાં પૂ. શ્રી જાહેર પ્રવચન ન કરતા. પરંતુ દરરોજ રાતે સત્સંગમાં ૮ થી ૯ શ્રી રામકૃષ્ણ રસામૃતનું સુંદર રીતે ગાન કરતા, અને નિરૂપણ કરતા. પછી પ્રસંગોપાત્ રમૂજ કરતા. વચ્ચે જળ પણ પીતા અને અમારા જેવા શ્રોતાઓને પણ પીવાનું કહેતા. શ્રી રામકૃષ્ણદેવના લગ્ન પ્રસંગની વાત આવી, ત્યારે શ્રોતાઓમાં હું એકલો જ હતો, અને તરત જ પૂ. માતાજી પાસે પાણી મંગાવ્યું. પછી મને આગ્રહ કરીને કીધું કે જળ પીઓ કારણકે આ લગ્ન પ્રસંગ છે.

એક ભાઈ પોતાના નવા જન્મેલા પુત્રને લઈ આવ્યા અને પૂ. શ્રીને વિનંતી કરીકે અમારી ઈચ્છા આપને મુખેથી આ બાળકનું નામકરણ કરાવવા આવ્યા છીએ. તો અમારી પ્રાર્થના છે કે આપ અમારી ઈચ્છાથી તેનું નામ ડિમ્પલ પાડો. પૂ. શ્રીએ જવાબ આપ્યો "મારી પાસે ડિમ્પલ ન લાવશો માત્ર સિમ્પલ (Simple) જ લાવશો તો અનુકૂળ પડશે."



પૂ. મા પણ ભજન ગવડાવી, ઢોલકેશ્વરી માતાકી જય બોલાવી બધાને આનંદ કરાવે છે. તા. ૧૧–૧૨–૮૮ ના રવિવારે પૂ. માએ બોરિવલીમાં જણાવ્યું કે અમને અમદાવાદથી ટેલિફોન આવ્યો કે ભોગની ભૂમિ અમેરિકા છોડી પાછાં જલ્દી આવો. પૂ. માએ જવાબ આપ્યો કે અમારા માટે બધી યોગની જ ભૂમિ છે. હિંદુસ્તાનમાં હોઈએ કે હોલિવુડમાં, આમ બધા પ્રેમીઓને આવો સહજ દિવ્ય આનંદ આપી આપણને સતત સુંદર આનંદમય વાતાવરણમાં રાખે છે. ઓગસ્ટ ૧૯૮૯ ના અધ્યાત્મના અંકમાં સમશ્રૃંગી માતાની વાતો વાંચતાં સ્વાભાવિક પણે હસવું આવી જાય છે.


વિષયધ્યાન તે સેવન, વ્યાકુલતા દુઃખ થાય;
તેનું ધ્યાનસેવન ત્યજે, પરમાનંદ પમાય. નાથભગવાન

IS: 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# આધુનિક યુગનાં મીરાં મા શ્રી સર્વેશ્વરી

નારાયણ હ. જાની

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી તેઓશ્રીના ભક્તો કે અનુયાયીઓમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી જ એક સર્વોત્તમ તપસ્વીની ને પથપ્રદર્શક તરીકે સ્થાન પામ્યાં છે. પોતાના જીવનના છેલ્લા દિવસોમાં પૂ. મહાત્માજીએ ખૂબ સમજપૂર્વક સત્સંગની બેઠકોમાં કે જાહેર પ્રવચનોમાં, ભક્તો સાથેના પત્રવ્યવહારોમાં કે અંગત મુલાકાતોમાં, પૂ. માને આગળ કરીને, પોતાની હયાતી દરમ્યાન જ પોતાનાં ઉત્તરાધિકારી તરીકે પ્રસ્થાપિત કરી દીધાં હતાં. એ મહાપુરુષે પૂ. મામાં રહેલા દૈવી અંશોનું દર્શન પોતાને જે થતું તે નિર્ભિક રીતે લોકો સમક્ષ રજુ કર્યું. એ પાછળનો એમનો હેતુ શુભ હતો, પૂ. માની પ્રશસ્તિ કરવાનો ન હતો; પરંતુ પૂ. માના ભગવતી સ્વરૂપનો યથાર્થ પરિચય લોકોને મળી રહે, તેઓ એમને ભગવદ્‌ભાવથી જુએ અને તેમનો લાભ લઈ, જીવનનું આત્મિક કલ્યાણ સાધી લે, એ શુભ હેતુ હતો.

એક યુવાન સ્ત્રીને પોતાની સાથે રાખવાનાં ઘણાં જોખમો હતાં. પરંતુ પૂ. માની પવિત્રતા, સરલતા સેવાભાવના, ને સર્વ સમર્પણતા એટલાં બધાં ઉત્કટ હતાં કે પૂ. ગુરુદેવે લોકાપવાદની કશી પરવા કર્યા સિવાય, તેમને પોતાની



સાથે રાખ્યાં. આ બાબતમાં તેઓ પોતાના આત્મિક અનુભવોને જ અનુસરતા. પરમ ઉપાસ્યા મા જગદંબાની પ્રેરણાઓ અને આદેશોને પ્રમાણભૂત લેખતા. તેઓ સુસ્પષ્ટપણે કહેતા કે "મા શ્રી સર્વેશ્વરી એમની સાધનાના ફલસ્વરૂપ મા જગદંબાનું મનુષ્ય સ્વરૂપે પૃથ્વીપર અવતરણ છે. જેઓ એમને જાણશે, ઓળખશે ને અનુસરશે, તે તરી જશે. પરંતુ તેમના સાચા સ્વરૂપને કેટલા ઓળખી શકશે? બહુ જ ઓછા."

પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ભગવતી સ્વરૂપ ખૂબ જ મોટા પ્રમાણમાં છતું થયું છે. એમની સાધના, એમનાં તપ અને તિતિક્ષા, એમનાં ગુરુ પ્રત્યેનાં પ્રભુરૂપ ભાવભક્તિ, એમની નિર્મોહિતા ને નિઃસ્વાર્થતા, મનુષ્યો માટે દૃષ્ટાંતરૂપ, પ્રેરણારૂપ ને પથપ્રદર્શકરૂપ બન્યાં છે :

આપણે મધ્યયુગની મેવાડની રાણી મીરાંને એમની કૃષ્ણભક્તિ માટે બિરદાવીએ છીએ, પરંતુ આપણી વચ્ચે જ વસતાં પૂ. ગુરુદેવના સ્વરૂપને સાથે લઈને, દેશ–વિદેશોમાં વિચરતાં પૂ. માને નથી ઓળખી શકતા. એ કેવી કરૂણતા?

પેલાં મીરાંબાઈનાં ભજનો એમની આત્મનિવેદન ભક્તિથી ભરપૂર છે, તો પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં ગીતો અને ભજનોમાં એવી જ મધ્યકાલીન મીરાંની પ્રભુભક્તિની મસ્તીનો રણકો સંભળાય છે. એમનો કંઠ પણ એવો જ સુરીલો ને ભાવવાહી છે. એટલે જ શ્રી ઈશ્વરભાઈ પેટલીકર જેવા ગુજરાતી સાહિત્યકારે એમને પહેલા પરિચયે જ

આધુનિક મીરાંનું બીરૂદ આપેલું. આજે શ્રી પેટલીકર હયાત નથી, પરંતુ જીવિત હોત તો એમને પૂ. માનું આવું વરવું તપ જોઈ, કેટલો બધો આનંદ થાત! પોતે સહજભાવે આપેલું બીરૂદ કેટલું બધું યથાર્થ ને સાર્થક લાગત?

એટલે અમે કહીએ છીએ કે પૂ. મા એક આધ્યાત્મિક ઈતિહાસ સરજી રહ્યાં છે. તેમનાં સમકાલીન થવાનું સદ્‌ભાગ્ય જેમને મળ્યું છે તેઓ આ આધુનિક મીરાંને ઓળખી લે, લાભ લે ને જીવનને ઉન્નત્ત ને ધન્ય કરે.

પરંતુ શ્રી પેટલીકરજીની જેમ, પૂ. શ્રીએ પરિચય કરાવ્યા છતાં કેટલા ઓળખી શકશે એ પ્રશ્ન છે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



## વૈદિક પ્રાર્થના પરિમલ

આ વાણી મારી મનમાં સ્થિરા હો
ને વાણીમાંહી મન સ્થિર રહેજો.
તેજસ્વી આ બ્રહ્મ ઉરે પ્રકાશો,
તેજસ્વી જેથી મુજ જિંદગી હો.
વાણી અને આ મન મારું લાવો
જે જ્ઞાનનો સાગર વેદમાં હો.
જે જ્ઞાન મારા ગુરુએ દીધું છે,
તે નિત્ય મારા ઉરમાં પ્રકાશો.
વાણી વહાવું મુજ જિંદગીમાં
તેમાં સદા સત્યની સાધના હો.
રક્ષો પરબ્રહ્મ મને સદાયે,
રક્ષો પરબ્રહ્મ સદા ગુરુને.
હો શાન્તિ, શાન્તિ બસ શાન્તિ સૌને

* * *

આ ભૂમિના સર્જનહાર દેવનું,
ભુવર્લોકના સર્જનહાર દેવનું,
સ્વર્લોકના સર્જનહાર દેવનું
સર્વોચ્ચ જે તેજ જગે પ્રકાશ્યું,
એ તેજનું ધ્યાન અમે ધરીએ
પ્રેરાય જેથી અમ બુદ્ધિ નિત્યે.

* * *

વાજો સદા વાયુ મધુર વિશ્વે,
વહેજો સરિતા મધુરા ધ્વનિએ,
સૌ ઔષધિઓ મધુરી બની રહો,
બનો મધુરા દિનરાત્રી બંને.
રજો ધરાની મધુરી રહેજો.
પિતા સમું વ્યોમ મધુર રહેજો.
વનસ્પતિઓ રસપૂર્ણ રહેજો
રવિ સદાયે સુખદાયી રહેજો.
ગાયો, દિશાઓ, કિરણો રવિના.
બનો સદાયે સુખદાયી સૌને.

* * *

સાથે મળીને ગતિ કરીએ
સાથે વાણી વદીએ.
સાથે મળીને મનથી સઘળું
સાચું સમજી લઈએ.
સાથે મળીને કરી પ્રાર્થના
હળીમળીને રહીએ.
ચિત્ત અને મન આપણ સહુનાં
સરખે સરખાં કરીએ.
ઊર્મિ આપણી સમાન હો ને
ઉરને સમાન કરીએ.
સમાન મનમાં સાધી એકતા
સંપ કરીને રહીએ.

* * *



આકાશ શાન્તિ કરનાર થાવ,
ને શાન્તિ આપો વળી અંતરીક્ષ,
આ પૃથ્વી શાન્તિ કરનાર થાવ
ને પાણી શાન્તિ કરનાર થાવ.
શાન્તિ મળો ઔષધમાંથી નિત્ય,
વનસ્પતિઓ પણ શાન્તિ આપો.
હો શાન્તિકારી વળી વિશ્વદેવ
ને બ્રહ્મ શાન્તિ કરનાર થાવ.
શાન્તિ મળો સર્વથી માનવીને
એ શાન્તિ હો શાશ્વત સર્વ માટે,
બહાર જેવી પ્રસરેલ શાન્તિ
તે શાન્તિ મારા ઉરમાંહી રહેજો.

**યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ**

## સદ્વિચાર

જેને આત્મદર્શન ન થયું હોય એમને માટે ભગવાં કપડાં ધારણ કરવાં એ સમાજને છેતરવા બરાબર છે. વૈરાગ્યનાં બાહ્ય ચિહ્નોને ભૂલી જાઓ કેમ કે એથી તમને ખોટો અહંકાર ઊભો થશે. તમારી સ્થિર આધ્યાત્મિક પ્રગતિ સિવાય બીજા કશાની જરૂર નથી અને તેને માટે ક્રિયાયોગનો (આત્મિક સાધનાનો) ઉપયોગ કરો.

**યુક્તેશ્વરગિરિજી**

# એક અજ્ઞાત બ્રહ્મનિષ્ઠનો પરિચય

શ્રેયાર્થી

આપણે સહુ ઈચ્છીએ છીએ કે આપણને કોઇ સાચા સંત કે આત્મદર્શી પુરુષ મળી જાય તો કેવું સારૂં? પરંતુ પ્રભુની કૃપા સિવાય કે સાચી ધાર્મિક સમજ સિવાય એવી વ્યક્તિ મળે તોપણ ઘણીવાર ઓળખી શકાતી નથી.

આપણી એક રૂઢ માન્યતા કે આવા પુરુષો તો કોઇ તીર્થસ્થાનો કે એકાન્ત ગિરિમાળાઓમાં જ વસતા હોય. પરંતુ એ સાચું નથી. આપણી આસપાસના સમાજમાં પણ તદ્દન નિઃસ્પૃહી, સંસારથી સાવ વિરક્ત એવા આત્મનિષ્ઠ સંસારી પુરુષો પણ હોઈ શકે. આપણી પાસે એમને ઓળખવાની સાચી દૃષ્ટિ જ્યાં સુધી ન હોય, તેમજ તેમના અંગત સંપર્કમાં ન આવીએ ત્યાં સુધી તેઓથી–આપણી વચ્ચે વસતા હોવા છતાં–સાવ અપરિચિત રહી જવાય. અમારા જીવનમાં પણ એવું જ બન્યું.

મારા એક પરિચિત ભાઇ, હું તેમને વર્ષોથી ઓળખું. પણ તેમની આંતરિક આધ્યાત્મિક અવસ્થાથી સાવ અપરિચિત. તેઓ ખૂબ ઓછાબોલા. જરૂર સિવાય બોલે જ નહિ. જનસમૂહ વચ્ચે બેસે ખરા, પણ ભાગ્યે જ વાત કરે. સમાજના અને આસપાસના કૌટુમ્બિક પરિવારો એમના આ મૌનને મૂઢતામાં ખપાવે. તેઓમાંના કોઇને પૂછો તો કહે, "એ તો મૂજી ને મૂઢ છે. કદી કોઈ સાથે વાત જ ક્યાં કરે છે?"



પરંતુ પાંચ છ વર્ષ ઉપર એમના આ પાસાનો મને અચાનક અણસાર મળી ગયો.

નિવૃત્તિ પછી મારે એકવાર તેમના ગામ જવાનું થયું. તેઓ જાણે કે મને આધ્યાત્મિકતામાં રસ છે. એટલે પોતાના ઘરના ઓટલે બેઠેલા એમણે મને પૂછ્યું, "હવે નિવૃત્ત થયા છો, સારી સત્કર્મની પ્રવૃત્તિ કરો છો. પરંતુ આત્મિક અનુભૂતિના ક્ષેત્રે તમારી પ્રગતિ કેવી ચાલે છે? બીજી સાત્ત્વિક પ્રવૃત્તિઓમાં એ ધ્યેય તો વીસરી જવાયું નથીને?"

સહજ આશ્ચર્ય પામીને મેં કહ્યું, "અરે! તમે તો સરસ વાત કરી. તમને એમાં રસ ખરો!"

"કેમ નહિ? અમે એ માટે તો જીવીએ છીએ. અત્યારે અમારી એ સ્થિતિ છે, એટલે તમને પૂછ્યું, કારણ કે તમે અમારા સહપ્રવાસી જેવા છો."

મેં આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, "અરે, પણ તમે તો કદી કંઇ બોલતા કે વાત કરતા જ નથી!" એમ કહી મેં તેઓની પાસે ઓટા પર બેઠક લીધી. કારણ કે મને તેઓની વાતમાં રસ પડવા લાગ્યો.

મારો પ્રશ્ન સાંભળતાં જ તેઓ સહજ અન્યમનસ્ક જેવા થઇ ગયા. પછી જાણે જાગૃતિમાં આવતા હોય તેમ એકદમ આત્મીય ભાવથી મારા ખભે હાથ મૂકી બોલ્યા, "કોની સાથે બોલવાનું, ભાઇ! ને શું બોલવાનું? આ બધાને જેમાં રસ તેમાં મને મુદ્દલે રસ નહિ, અને મારી વાતો સંસારી રસવાળાઓને શી રીતે સમજાવાની?"

મેં કુતૂહલથી પૂછ્યું, "શું એટલા ખાતર તમે કોઇની સાથે ખાસ વાત નથી કરતા?"

તેઓએ મારા પ્રશ્નના ઉત્તરમાં સંમતિસૂચક માથુ હલાવ્યું.

હવે મને તેઓના આંતરિક જીવન વિષે જાણવાની જીજ્ઞાસા થઇ. તેઓ આ માર્ગે ક્યારે ને કોની પ્રેરણાથી વળ્યા, તે પણ જાણવાની મને ઇન્તેજારી થઇ.

સાંસારિક રીતે તો તેઓ ગૃહસ્થી હતા. તેમનાં પત્ની બે પુત્રો ને પુત્રીઓ પણ હતાં. આવા માણસે જીવનમાં આત્મિક સાધના ક્યારે કરી! એ મારે માટે કુતૂહલનો વિષય હતો.

મારી જીજ્ઞાસા જોઇ તેઓએ કહ્યું, "હું નાનો હતો ત્યારે વધારે અભ્યાસ કરી શકેલ નહિ. એક નાની સરખી દુકાનના વેચાણ પર હું બેસતો. બ્રાહ્મણ હોવાથી સંસ્કૃત સંધ્યા વગેરે ભણેલો. પરંતુ કર્મકાંડમાં મારી રૂચિ ન હતી. મને આત્મિક વિષયના જ વિચારો વિશેષ આવતા. આવું કેમ થતું તેની મને સમજ ન પડતી. એટલે હું જ્યાં રહેતો ત્યાં યોગવશિષ્ઠનું પુસ્તક હતું. એમાં ભગવાન રામની સંસાર પ્રત્યેની ઉદાસીનતા ને વીતરાગતામાં મને મારા મનની સ્થિતિનું દર્શન થતું. એટલે એમાંથી મને ગમતા શ્લોકો હું છાપાની કોરી મથાળાની કાપલીઓ ઉપર લખી લેતો ને દિવસ દરમ્યાન જ્યારે પણ સમય મળે ત્યારે તે ગોખ્યા કરતો. આમ કરતાં મને સંસ્કૃતભાષા સમજાવા માંડી ને ચાર પાંચ વર્ષોમાં તો મને ચારસોપાંચસો શ્લોકો મોઢે થઇ ગયા. પછી તો મને ગમતા



શ્લોકો હું વાગોળ્યા કરતો. ને તેમનો અર્થ સમજવા પ્રયત્ન કરતો. પરિણામે મારૂં મન બાહ્ય પ્રવૃત્તિ ન કરતું હોય ત્યારે તે વિશેષ કરી આંતર્મુખ રહેવા લાગ્યું.

ધીમે ધીમે મેં શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને ભાગવતનો પણ અભ્યાસ કરવા માંડ્યો. મને ગીતાનો છઠ્ઠો અધ્યાય આત્મ-સંયમયોગનો વિશેષ ગમતો. એટલે રાત્રે કે વહેલી સવારે સમય મળતાં હું ધ્યાનમાં બેસતો; પરંતુ મારી કોઇ પ્રવૃત્તિ એવી ન હતી કે જેથી મારી સાથે રહેતા માણસોને મારામાં અજાણપણે થઇ રહેલા આ આત્મિક પરિવર્તનનો ખ્યાલ આવે."

વર્ષો જતાં મને પોતાને પણ ખ્યાલ આવવા લાગ્યો કે મારા આંતરમનમાં ઘણું પરિવર્તન થઇ રહ્યું છે. પરંતુ ત્યાં સુધીમાં મારો પરિવાર વિસ્તરી ચૂક્યો હતો. એટલે તેમને પોષવાની, ભણાવવાની ને સાંસારિક રીતે ઠેકાણે પાડવાની જવાબદારી પાર પાડવાની હતી. આ બધું થતું રહેતું છતાં મારૂં મન બધાથી અલિપ્તતા અનુભવતું. મને સુખદ પ્રસંગોનો આનંદ પણ ન થતો કે કટુ પ્રસંગોનો વિષાદ ન સ્પર્શતો.

હવે મારા મને પાકો નિર્ણય કરી લીધો હતો કે હું આ બધાંથી જુદો છું. મારા આ બધા પરિવાર સાથે ભલે દૈહિક સંબંધ હોય, પરંતુ હું મારી જાતને એકાકી ને અલિપ્તભાવે અનુભવી શકતો. હવે તો સીત્તેર ઉપર વર્ષો થઇ ગયાં છે. પત્ની પણ બિમાર જેવી રહે છે. દેખભાળ કરીએ છીએ, પણ એમના પ્રત્યે કોઇ માનસિક આસક્તિ રહી નથી. હું સંપૂર્ણપણે મારી જાતમાં સ્થિત છું, આત્મસ્થ છું. કહી

એમણે ગીતાનો શ્લોક ટાંકતા કહ્યું:–

यस्तु आत्मरतिरेव स्यात् आत्मतृप्तश्च मानवः
आत्मन्येव च संतुष्टः तस्य कार्यं न विद्यते।।

**અર્થ:**–પરંતુ જે મનુષ્ય આત્મામાં જ પ્રીતિવાળો ને આત્મામાં જ તૃપ્ત હોય, પોતાની જાતમાં જ સંતુષ્ટ હોય, તેને માટે આ જગતમાં કોઈ કર્તવ્ય શેષ રહેતું નથી.

મને એમની એ બધી વાતો સાંભળી ઘણો આનંદ થયો. મેં એમને વંદન કરી એમની રજા લીધી. પરંતુ મારા મનમાં વિચાર્યું કે બહારથી મેલાંઘેલાં કપડાં પહેરતો આ માણસ અંદરથી કેટલો ઉજ્જ્વળ છે, તેનો ખ્યાલ ઉપલક દૃષ્ટિથી જોનારા સંસારી માનવોને શી રીતે આવવાનો!

પછી તો હું જ્યારે પણ તેમના ગામ જાઉં ત્યારે તેમને અચૂક મળું. તેમનો સત્સંગ કરું. તેમની વાણી સાંભળું. અનેક અધ્યાત્મ રામાયણના શ્લોકો બોલી તેઓ સંસારની નશ્વરતા ને આત્માની શાશ્વતતાની વાતો સમજાવતા. સામાન્ય સંજોગોમાં સદાય મૌન ધારણ કરતી એમની વાણી મારા સાન્નિધ્યમાં કોણ જાણે ઉઘડી જતી. કદીક કલાક બે કલાક એ બોલતા રહેતા. હું સાંભળ્યા કરતો. મને એમની અંતરના ઉંડાણની સમજમાંથી પ્રવાહિત થતી વાણી સાંભળવી ઘણી ગમતી.

એકવાર એમણે મને યોગવસિષ્ઠ રામાયણમાં આવતા ચુડાલાખ્યાન વિષે પણ સારી સમજ આપી.

એમનાં ધર્મપત્નીના સ્વર્ગવાસ પછી હું એમને મળવા ગયો, તો તેઓ તદ્દન સ્વસ્થ હતા. હીંચકા ઉપર બેઠા હતા. મને જોઈ આનંદ પામ્યા; પછી કહેવા લાગ્યા, "ઋણાનુબંધ



પૂરા થતાં, સહુ પોતપોતાના કર્મનાં પોટલાં, લઈ વિદાય થઈ જાય છે. હું પણ તૈયાર જ બેઠો છું. પરંતુ મારે સાથે લઈ જવાનું કોઈ પોટલું નથી. આ મારો છેલ્લો જન્મ બને–એ જાતની જ્ઞાનાવસ્થાની મેં તૈયારી વર્ષોથી કરી રાખી છે. હું હવે હરક્ષણ મારી જાતને આત્મસ્થ રાખી શકું છું. દેહભાવ મારો નષ્ટ થઈ ગયો છે. મારા સઘળા સંકલ્પ વિકલ્પો શમી ગયા છે. મારે હવે કશાની અપેક્ષા નથી."

તેઓની પાસે જતાં પહેલાં હું વિચારતો હતો કે તેઓની પત્નીના સ્વર્ગવાસના આઘાત અંગે મારે તેમને શી રીતે આશ્વાસન આપવું? પરંતુ જેને જન્મમરણનો કોઈ શોક જ નથી, તેને આશ્વાસનની ક્યાં આવશ્યકતા છે! અંતરંગ માણસની વસમી વિદાયને પચાવી જનાર તેમની સ્વસ્થતાને હું મનોમન વંદી રહ્યો.

તે પછીના ચારેક દિવસ કેડે હું અચાનક સવારના સમયે તેમને ત્યાં જઈ ચઢ્યો, તો તેઓ ઝાડુ કાઢી રહ્યા હતા. રોજીંદા એજ સ્મિત ને સ્વસ્થતાથી એમણે મને સત્કાર્યો. પૂછ્યું, "અત્યારમાં ક્યાંથી? ધ્યાન–જપ નથી કરતા કે શું?"

મેં કહ્યું, "કરું છું, પરંતુ થોડું જરૂરી કામ હોવાથી આ તરફ આવેલ. એટલે તમોને મળવાનો લોભ જતો ન કરી શક્યો."

"એમ છે? તો બેસો. આપણે થોડી વાત કરીશું. પછી પૂછ્યું, ધ્યાન કરતાં ફાવે તો છેને? ન ફાવતું હોય તો આત્મવિચાર કરવો એ પણ ધ્યાન જ છે, એમ માનજો."

મને નવાઈ એ વાતની લાગતી કે આ માણસ જ્યારે પણ

મને મળે છે, ત્યારે ફક્ત હું આત્મિક સાધનામાં ક્યાં સુધી આગળ વધ્યો છું, તેની ચિન્તા કરતો રહે છે ને તેના જ ખબર પૂછે છે; કદી હું શારીરિક રીતે ઠીક છું કે કેમ તેની વાત જ કરતા નથી!

કોણ જાણે મારા આ વિચારો અંતરંગ એ પામી ગયા કે કેમ, તેઓએ કહ્યું, "જુઓને ભાઈ, જેને જાણવાની જરૂર છે તેને લોકો જાણવા મથતા નથી ને કેવી મિથ્યા વાતોમાં જીવન વેડફી નાંખે છે! તમે તો એવું નહિ જ કરો એની મને ખાત્રી છે. ચાલો આપણે સાથે બેસી થોડી ચા પીએ."

મેં કહ્યું, "હું તો ચા પીતો નથી, તમે પ્રાયમસ પેટાવવાની ઝંઝટમાં ક્યાં પડશો?"

"એમાં ઝંઝટ શાની? હું થોડી ચા પીશ, તમે રકાબી દૂધ પીજો. તમે એ નિમિત્તે થોડું બેસશો તો મને ગમશે. બાકી મારા જેવા ફક્કડ પાસે કોણ આવે અહીં!"

મને થયું દેહભાવથી સંપૂર્ણ ઉપર ઊઠી ગયેલા આ માનવીમાં કેટલી બધી સાચા પ્રેમની લાગણી ભરેલી છે! મેં તેઓનું મન રાખવા રકાબી દૂધ પીધું. એની પ્રસન્નતા એમના મુખ ઉપર દેખાઈ આવી.

પાછા આવવાના દિવસે હું તેઓને મળવા ગયો. તેઓ તે વખતે બપોરના ભોજનનાં વાસણ–થોડો વિશ્રામ કર્યા પછી માંજી રહ્યા હતા. હું તેમની પાસે જ બેસી ગયો. તેઓએ વાસણ માંજતાં માંજતાં જ કહ્યું, "કેમ! જવાની તૈયારી કરી કે શું? બધું કરજો પણ જાતને ના ભૂલતા. થોડો સમય પણ આત્મવિચારમાં કાઢજો. આ જગતમાં બધે આત્મારૂપે



પરમાત્મા જ વ્યાપ્ત છે. જે એને એ રીતે ઓળખે છે, તેને પછી જીવનમાં કોઈ પરાયું રહેતું નથી. બધે પોતાની જાતને જ તે જુએ છે. એ દૃષ્ટિએ હું ને તમે એકજ છીએ, જુદા નથી, એ વિચારજો ને યાદ કરતા રહેજો."

કૃશકાય એ વૃદ્ધ પુરુષને મેં વંદન કર્યા તો તેઓ મારા મસ્તક ઉપર હાથ રાખી બોલ્યા, "शिवास्ते पन्थाः। આત્મિક માર્ગે તમારી પ્રગતિ થતી રહો એજ આશીષ."

હાલ પણ એ બ્રહ્મનિષ્ઠ પુરુષ હયાત છે, પરંતુ તેઓ ક્યાં છે તે ખબર નથી.

આજે પણ જ્યારે હું આંખ બંધ કરી તેઓને યાદ કરું છું ત્યારે તેમના રાખથી ખરડાયેલા હાથનો સ્પર્શ મારું આંતરમન અનુભવે છે ને મારાથી બોલાઈ જવાય છે, "હે બ્રહ્મનિષ્ઠ, આપનાં શ્રી ચરણોમાં મારા વંદન હો, વંદન હો.

દેવો દેવલોકમાં રહે છે. આપણને જેમ સ્વપ્નમાં બીજા શરીરનો અનુભવ થાય છે તેમ તેઓ પુણ્યકર્મનો ઉદય થયે તેમનાં જલમય શરીર ગળી જઈ તેઓ બહુધા પૃથ્વીઉપર આવે છે.

દેવોમાં ભોગની લલુતા બહુ હોવાથી તેમને જ્ઞાનમાં અધિકાર છતાં પણ તેઓ બહુધા જ્ઞાનના સાધનામાં પ્રવૃત્ત થઈ શકતા નથી.

## મુક્તક મંજરી–૫

### સહન–સાધના

સહેવું તો પડે સૌને, જગત–સંસારની રીતે,
પણ, સહેવાની ભૂમિકામાં ફરક છે આભ–ધરતીનો!
સહેવું ધ્યેય–હેતુથી, 'જીવનનું તપ' ગણાયું છે!
સહેવું હાયકારાથી, જીવન–ઘાતક મનાયું છે!

*

### સંસારનું મહત્ત્વ

સંસાર આ મિથ્યા નથી, વળી માત્ર એ માયા નથી!
રે! એક પણ સર્જન બતાવો—જ્યહીં પ્રભુ–છાયા નથી!
જ્ઞાન–ભક્તિ–કર્મનું, સંસાર સમ સાધન નથી!
વળી, આત્મને વિસ્તારવા, કો' અન્ય અવલંબન નથી!

*

### દુ:ખ–કૃપાની લ્હાણ

પ્રભુને પ્રિય લાગે જે, ચહે નિજ શરણમાં લેવા!
'અનુભવ' ઊર્ધ્વને અર્થે, દુ:ખે–દરદે ભિડાવે છે!
પ્રભુ–સંકેત પરખીને, દુ:ખોને જે વધાવે છે,
દુ:ખોનું દુ:ખ ના એને, 'કૃપાની લ્હાણ' લાગે છે!

—રતિલાલ ભાવસાર


## હવે સહકારી સંસ્થાઓ અને ટ્રસ્ટો કિસાન વિકાસપત્રમાં નાણાં રોકી શકશે

* સહકારી મંડળીઓ સહકારી બૅંકો તથા સહકારી સંસ્થાઓ તથા પ્રવર્તમાન કાયદા હેઠળ રજીસ્ટર્ડ થયેલ. ટ્રસ્ટને કિસાન વિકાસપત્રમાં નાણાનું રોકાણ કરવાની કેન્દ્ર સરકારે છૂટ આપી છે. [કેન્દ્ર સરકાર નાણાં વિભાગ તા. ૪-૧-૧૯૯૦ની અધિસૂચના ક્રમાંક જી.એસ.આર. ૮(ઇ)]

**સાડા પાંચ વર્ષે બમણાં એટલે વાર્ષિક ૧૮% સાદું વ્યાજ**

* વ્યક્તિગત સંયુક્ત નામે, સગીર, સગીર વતી, બેન્કિંગ કંપની, કોર્પોરેશન એસોસિએશન, સ્થાનિક સંસ્થાઓ, કોઇ પણ પ્રવર્તમાન કાયદા હેઠળ સોસાયટી તરીકે રજીસ્ટર્ડ થયેલ સંસ્થા અને પાર્ટનરશીપ એક્ટ હેઠળ નોંધાયેલ પેઢી, પ્રવર્તમાન કાયદા હેઠળ રજીસ્ટર્ડ થયેલ ટ્રસ્ટ, સહકારી મંડળી/બૅંક/સંસ્થાઓને કિસાન વિકાસપત્રમાં નાણાં રોકી, સાડા પાંચ વર્ષે બમણા નાણા કરવાની અમૂલ્ય તક.

* હવે રૂ। ૫૦૦, રૂ। ૧,૦૦૦, રૂ। ૫,૦૦૦ અને રૂ। ૧૦,૦૦૦ ઉપરાંત રૂ। ૧૦૦ના મૂલ્યના પણ કિસાન વિકાસપત્રો ખરીદો સાડા પાંચ વર્ષે બમણા ગમે તેટલી સંખ્યામાં ખરીદો વારસનિયુક્તિ/ઓળખપત્રની સુવિધા.

* ગુજરાતમાં સહકારી બૅંકો અને સહકારી મંડળીઓને તેમની વધારાની મૂડીનું કિસાન વિકાસપત્રોમાં રોકાણ કરવાની રાજ્યના સહકારી વિભાગે પરવાનગી આપી છે.

| કિસાન | વિકાસપત્ર |
|---|---|
| રૂ। | રૂ। |
| ૧૦૦ | ૨૦૦ |
| ૫૦૦ | ૧,૦૦૦ |
| ૧,૦૦૦ | ૨,૦૦૦ |
| ૫,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૧૦,૦૦૦ | ૨૦,૦૦૦ |

* મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલ તમામ ટ્રસ્ટોને કિસાન વિકાસપત્રોમાં ટ્રસ્ટના વધારાના નાણાંનું રોકાણ કરવાને ગુજરાત રાજ્યના ચેરિટી કમિશનરશ્રીએ પરવાનગી આપી છે.

**કિસાન વિકાસપત્રમાં નાણાંનું રોકાણ
એટલે સમૃદ્ધિના પંથે પ્રયાણ**

—અધિક મુખ્ય સચિવ, નાણાં વિભાગ, ગુજરાત.

## વહી ગઈ!

મનની મનની માંહી રહી!
જીવન-સરિતા વહી ગઇ.....મનની....
આ કરું, તે કરું :
નભઉંડળ ભરું!
અંગુલિ-અંજલિ સરી ગઇ!....મનની....
વિમલ વિવેક, વિરલ વ્યવહારે
વિફલ હતાશા ભરી ગઇ!....મનની.....
નિયતિ-કાલીન જીવનચર્યા
રાત પડી ને રહી ગઇ!....મનની....
મનની મનમાં રહી ગઇ!
જીવન-સરિતા વહી ગઇ.....મનની....

ડૉ. રણજીત પટેલ (અનામી)

## કેનેડામાં રામાયણ પારાયણ

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૧૮ માર્ચના રોજ કેનેડામાં પ. પૂ. શ્રી મહાત્મા યોગેશ્વરજીએ કાવ્યમાં અનુવાદિત કરેલ 'રામચરિત માનસ'નું સમૂહમાં ગાઇને પારાયણ શરૂ કરશે. તેની પુર્ણાહૂતિ ચૈત્ર સુદ ૯ રામનવમીને તા. ૩ એપ્રિલ, ૯૦ ના રોજ થશે. પરદેશમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી દ્વારા આવી જાહેર પારાયણ આ બીજીવાર યોજાઇ રહી છે. પ્રથમ પારાયણ અમેરિકાના લોસ એન્જેલેસમાં કરવામાં આવી હતી.

—તંત્રી



## પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના નિર્વાણદીન-૧૮ માર્ચ, ૧૯૯૦ નો કાર્યક્રમ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના છઠ્ઠા નિર્વાણદિનની ઉજવણી અમદાવાદ ખાતે એક દિવસની શિબિરના રૂપમાં કરવામાં આવી છે. આ માટે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે આયોજન કર્યું છે. સ્થળ છે શ્રી મધુરિકાબેન શાહ હોલ (મોઢ વણિક બોર્ડીંગ), કોમર્સ કોલેજ પાસે, અમદાવાદ-૯.

કાર્યક્રમ સવારે ૮-૩૦ થી ભજન આરતીથી શરૂ થશે અન્ય કાર્યક્રમોમાં 'મહાભારત દર્શન', પૂ. શ્રીનું પૂજન, તેઓશ્રીનું વિડીઓ પ્રવચન, પ્રાસંગિક પ્રવચનો, ભોજન (સ્થળ ઉપરજ) વગેરેનો સમાવેશ થશે. બીજી બેઠક બપોરે ૨-૩૦ થી શરૂ થશે જેમાં ભજન, ધૂન, યોગેશ્વર બાવની, સમૂહ ધ્યાન, પૂ. શ્રીના જીવન પ્રસંગો ને આભાર દર્શન રહેશે. કાર્યક્રમ સાંજે ૪ વાગે પૂરો થશે. સર્વ સાધક ભાઇ બહેનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.

### પરદેશમાં

મહાત્મા શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરેન્ટો (કેનેડા) તરફથી પૂ. યોગેશ્વરજીના નિર્વાણદિન તા. ૧૮ માર્ચના રોજ સત્સંગનો એક ખાસ કાર્યક્રમ પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો છે; જેમાં કેનેડા અને અમેરિકાના ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યાં છે.

# શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવનો સદુપદેશ

**માસ્ટર મહાશય**

રામકૃષ્ણ પરમહંસ નિરાકારવાદી હતા ખરા, પણ તેની સાથે તેઓ સાકારવાદી પણ હતા. તે બ્રહ્મનું ધ્યાન ધરતા, પણ તેની સાથે દેવ-દેવીની મૂર્તિઓનું ફૂલ અને ચંદનથી શ્રદ્ધાપૂર્વક પૂજન પણ કરતા; પ્રેમથી મસ્ત બની જઈ ભજન પણ ગાતા અને નૃત્ય પણ કરતા. વળી તે ખાટલા-ગોદડાં પર સૂતા, કોરવાળાં ધોતિયાં પહેરતા. કોટ, મોજાં અને કોઈ વાર બૂટ પણ પહેરતા, છતાં પણ તેઓ સંસારી નહોતા. તેમનો સમસ્ત વ્યવહાર ત્યાગીનો હતો. તેથી લોકો તેમને પરમહંસ કહે છે.

પરમહંસજી કહે છે કે દેહ નશ્વર છે; સ્થાયી નથી. દેહની અંદર જે દેહી રહ્યો છે તે અવિનાશી છે. દેહની છબીથી શું વળ્યું? દેહ અનિત્ય વસ્તુ છે. તેના પર પ્રેમ રાખ્યાથી શો લાભ? જે અંતર્યામી પ્રભુ મનુષ્યના હૃદયમાં રહ્યા છે તેનું જ પૂજન કરવાની જરૂર છે. પણ એક વાત સ્મરણમાં રાખવા જેવી છે. ભક્તનું હૃદય પરમાત્માનું નિવાસસ્થાન છે. તે સર્વ ભૂતમાત્રમાં સામાન્ય પણે (શાંત વાયુની પેઠે) વસે છે ખરા, પણ ભક્તના હૃદયમાં તે વિશેષરૂપે (વહેતા શાંતિપ્રદ વાયુની પેઠે) હોય છે. જેમ કોઈ જમીનદાર



તેની જમીનદારીનાં તમામ સ્થાનમાં રહી શકે તેમ હોવા છતાં પણ અમુક દીવાનખાનામાં તે ઘણો સમય ગાળે છે, તેમ ભક્તનું હૃદય એ ભગવાનનું દીવાનખાનું છે.

જ્ઞાની જેને બ્રહ્મ કહે છે તેને યોગી પરમાત્મા કહે છે, અને ભક્ત તેને ભગવાન કહે છે. એક બ્રાહ્મણ જ્યારે પૂજા કરે ત્યારે પૂજારી અને રસોઈ કરે ત્યારે રસોઈયો કહેવાય છે. જે જ્ઞાની પુરુષ જ્ઞાનયોગનું અવલંબન કરે છે તે 'નેતિ નેતિ' એ પદ્ધતિએ વિચાર કરે છે. બ્રહ્મ આ નથી, તે નથી, જીવ નથી, જગત નથી, એમ વિચાર કરતાં કરતાં જ્યારે મન સ્થિર થાય છે, જ્યારે તેનો લય થાય છે, ત્યારે સમાધિની સ્થિતિ પ્રાપ્ત થાય છે—ત્યારે બ્રહ્મજ્ઞાન મળે છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એવી બ્રહ્મજ્ઞાનીની ધારણા સાચી છે, નામરૂપ એ સર્વ સ્વપ્નવત્ છે. બ્રહ્મ શું છે તે મોંએથી કહી શકાય જ નહિ. તે અનિર્વચનીય છે.

પણ જેઓ ભક્ત છે તેમનો મત જુદો છે. તેઓ જગતને સ્વપ્નવત્ કહેતા નથી. તેઓ કહે છે કે, આ જગત ભગવાનનું ઐશ્વર્ય છે. આકાશ, તારા, ચંદ્ર, સૂર્ય, પર્વત, સમુદ્ર, જીવજંતુ એ સર્વ ઈશ્વરે ઉત્પન્ન કર્યા છે. તેમના વડે ભગવાનનું ઐશ્વર્ય જણાય છે. તે સર્વના અંતરમાં છે અને બહાર પણ છે. ઉત્તમ ભક્ત કહેશે કે, 'ઈશ્વર પોતે જીવ, જગત ચોવીસ તત્ત્વોરૂપે દર્શન આપે છે. ભક્ત ખાંડનો સ્વાદ લે છે, ખાંડ બની જતો નથી.'

ભક્તનો ભાવ કેવો હોય છે? હે ભગવન્! તમે મારા સ્વામી છો, હું તમારો દાસ છું, તમે માતા છો અને હું તમારો

પુત્ર છું. તમે પૂર્ણ છો, હું તમારો અંશ છું. 'હું બ્રહ્મ છું.' એવું ભક્ત કહેતો નથી.

યોગી પણ પરમાત્મા સાથે સાક્ષાત્કાર કરવાનો યત્ન કરે છે. તેનો હેતુ જીવાત્મા અને પરમાત્માનો યોગ કરવાનો છે. વિષયમાંથી મન વાળી લઈને પરમાત્મામાં મનને સ્થિર કરવાનો તેનો પ્રયત્ન છે, શરૂઆતમાં તે એકાંતમાં જઈ આસન વાળી અનન્ય ચિત્તથી ધ્યાન ધારણા કરે છે.

વસ્તુ એક છે, નામમાં જ ભેદ છે. જે બ્રહ્મ તેજ પરમાત્મા, તેજ ભગવાન જ્ઞાનીનો બ્રહ્મ, યોગીનો પરમાત્મા અને ભક્તનો ભગવાન પણ એક જ છે.

## હે મા!

હે મા,
હું જ મારા ભાવ મુજબ
તમારામાં
પ્રેમ કે ઉદાસીનતાની
લાગણીઓને મઢ્યાં કરું છું.
—બાકી,
તમે તો એવાં જ એક સરખાં છો,
સદાય વહેતી પાવન ગંગા જેવાં.

**આશા ભક્ત**



# ઉપાસની મહારાજનાં દર્શન

**શ્રી મોટા**

બારડોલીની સત્યાગ્રહની લડત જાગી હતી ને તેમાં બોલાવે ત્યારે જવાની તૈયારીવાળા સ્વંયસેવકોની યાદીમાં મેં મારું નામ નોંધાવ્યું હતું. જે દિવસે મને બારડોલી જવાના હુકમનું કાગળિયું મળ્યું, તેજ દિવસે મને ઓચિંતું ઉપાસની મહારાજનું દર્શન થયું ને ત્યાં જવાનું દિલ થયું. 'કોઈ દિવસ નહિ ને આજે આમ કેમ બને છે?' એમ પણ વિચારી વિચારીને તપાસી લીધું. વારંવાર શ્રી ઉપાસની મહારાજનું દર્શન થયા કરતું. મને તેઓશ્રીને કરેલી મારી ત્રણ વિનંતીઓનું ભાન પણ પ્રગટ્યું. એટલે મને ત્યાં જવા-આવવાના ગાડીભાડાની રકમ આપમેળે જ્યારે મળે ત્યારે હવે ત્યાં જવાની વાત હતી એમ મનથી નક્કી કરી લીધું અને નિશ્ચિંત થઈ ગયો. જો તે દિવસે આપોઆપ ત્યાં જવાની ગાડીભાડાની રકમ મળી જાય, તો વળી બારડોલી જવાનું માંડી વાળી સાકોરી જવું જ એવો નિર્ણય પણ કરી લીધો.

### ભજન માટે ધોલની પ્રસાદી

રોજ મારે મરીડા ભાગોળે વૈષ્ણવની હવેલી પાસેથી જવાઆવવાનું થતું ને કેટલાક દિવસોથી હમણાનો હું શ્રી. દયારામભાઈનું–"વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ધૂમે?"

એ ભજન મને પોતાને જ ઉદ્દેશીને પ્રાર્થના ભાવે

જતાંઆવતાં મોટેથી ગાયા કરતો. તે ભજનની લીટી 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે?' રોજની રોજ તે વૈષ્ણવની હવેલી આગળથી જતાં જતાં બોલાયે જતી હતી. હું કંઈ કોઈને સંભળાવવા તો તે ગાતો ન હતો. એક દિવસે એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ મારું તે વચન સાંભળીને ઉશ્કેરાઈ ગયેલા ને મને ધોલ પણ મારી દીધી હતી. તેમને મેં કહ્યું હતું કે 'આપને સંબોધીને હું આ ગાતો નથી. હું તો મને પોતાને મઠારવાને માટે પ્રાર્થનાભાવે સતત ગાયા કરું છું ને તે એક બે દિવસથી નહિ, પરંતુ તે ભાઈને તો તેમને જ માટે હું જાણે ગાતો હોઉં એમ તેમણે પોતાને માથે લઈ લીધું હતું ને તે સાંભળીને તેઓ ઉશ્કેરાઈ ગયા હતા.

### એજ ભજન દ્વારા કૃપાવૃષ્ટિ

હવે જ્યારે આ દિવસે મને સાકોરી જવાનું દિલ થયા કરતું હતું ને જ્યારે વારંવાર શ્રીમદ્ ઉપાસની મહારાજનાં દર્શન થયાં કરતાં હતાં તથા જ્યારે બારડોલી જવાનો કાગળ પણ આવ્યો હતો, ત્યારે તેજ દિવસે આજ ભજન મોટેથી ગાતો ગાતો વૈષ્ણવની હવેલી આગળથી પસાર થતો હતો, તે વેળાએ એક બીજા સદ્‌ગૃહસ્થે આવીને મારા હાથમાં રૂ. ૪૫ ની રકમ મૂકી દીધી. હું તો અચંબો પામ્યો કે, 'ભાઈ! આ રકમ શેની છે ને મને શા માટે આપો છો?' ત્યારે તેમણે કહ્યું કે, "રોજ તમે આ માર્ગેથી જતાં આવતાં ભજન ગાયા કરો છો. આવો તમારો અભ્યાસ કેટલાય કાળથી ચાલુ છે તે હું જાતોજાત નીરખ્યા કરું છું. વળી રોજ રાતે તમે કાકરખાડ બાજુથી સંતરામ ભાગોળે જાઓ છો ત્યારે સંતરામ મંદિરેથી પાછા વળતાં મેં તમને ઘણીયે વાર રોજ મોટેથી ગાતાં



સાંભળેલા છે. તમે બસ જ્યાં ને ત્યાં ભગવાનનું ભજન જ ગાવાનું કર્યા કરો છો તેથી મને તમારા પર ભાવ ઊપજે છે; ને કેટલાય દિવસથી તમને કંઈક આપું આપું એમ મનમાં થયા કરતું હતું. પરંતુ આજે તો તેવી આપવાની ભાવના વિશેષ પ્રબળ બની ને હાથમાં જે રકમ આવી તે રકમ લઈને તમારી રાહ જોતો સામે ઓટલે બેઠો હતો. તમને જ્યાં 'વૈષ્ણવ નથી થતો તું રે,' એમ ગાતાં સાંભળ્યા કે તરત તમારી પાસે આવ્યો છું. માટે કૃપા કરીને આટલી રકમનો સ્વીકાર કરો." મને પણ ત્યારે થયું કે 'આજ ભજનના ગાવાથી એક સજ્જને ધોલની પ્રસાદી આપી હતી ને આ એક બીજા સજ્જને ૪૫ રૂ. ની રકમ આપી! એટલે હવે આપણું સાકોરી જવાનું તો પાકું નક્કી થઈ ગયું.' અને રજાનું કાગળિયું ટપાલમાં નાખીને આપણે તો નીકળી પડયા સાકોરી જવા ગાડીમાં.

### ઊઠવાની જ અશક્તિ

ત્યાં પહોંચીને સામાન એક ઠેકાણે મૂકી નાહીધોઈ મહારાજશ્રીને પગે લાગ્યો. તેમણે તો મને તેઓ જે લાકડાના મોટા પાંજરામાં જ બેસી રહેતા તેની પાસે બેસી જવાને આજ્ઞા કરી. હું પણ ત્યાંજ બેસી ગયો. ને મારા સાધનના અભ્યાસમાં લગાતાર મંડી પડયો. ૫–૬ કલાક વીતી ગયા હશે. તે પછી મને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ. એટલે ઊઠીને મેં બહાર જવાને ગતિમાન થવાનું કર્યા કર્યું. પરંતુ મારાથી ઊઠી જ શકાય નહિ! મેં ધાર્યું કે એકધારું ૫–૬ કલાક બેસી રહેવાથી મારા પગ અકડાઈ ગયા લાગે છે. તેથી મેં મારા પગને બરાબર હલાવી જોયા, તો તે તો બરાબર હાલતાચાલતા હતા. ઘૂંટણમાંથી બરાબર વળી પણ શકતા

હતા. આથી પગ અકડાઈ ગયા હોય એવું કોઈ રીતે મને લાગ્યું નહિ. તેમ છતાં પગથી ઊભું કેમ થવાતું નથી તે મારે માટે એક ભારે કોયડો થઈ પડ્યો હતો. એટલે હું તો ઊઠ્યા વિના બેઠે બેઠે ખસીખસીને દૂર જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ તે પણ જવાય નહિ! આવી રીતે પ્રયત્ન કરવા છતાંયે ન થઈ શક્યું, ત્યારે મારા શરીરને કૈંક થઈ ગયું છે એમ મને ચોક્કસ લાગ્યું. કમ્મરમાં કે ક્યાંયે કશું દેખાતું કરતું નહિ. ને શરીરની સ્વસ્થતા તો બરાબર લાગતી હતી. વળી જે ઠેકાણે બેસવાનો મને ઉપાસની મહારાજશ્રીએ હુકમ કરેલો તે ઠેકાણે બેસી જતાં તથા આમતેમ બેઠેબેઠે ખસતાં (પણ ને એટલી જગામાં જ) મારા પગ વગેરે બરાબર હાલીચાલી શકતા હતા, વળી શકતા હતા, પરંતુ ઊભું થવાતું ન હતું. તેટલી જ ૨–૩ ફૂટની જગામાં બેઠેબેઠે આમતેમ ખસી શકાય. તેનાથી આગળ ન જવાય. એટલે મેં તો થોડીક વાર સુધી લઘુશંકાની ઉપર સંયમ રાખવાનું કર્યા કર્યું. એમ ૨–૨ કલાક પાછા ચાલ્યા ગયા હશે, કારણ કે હું તો પ્રાર્થના આદિ સાધનમાં જ રહ્યા કરતો હતો.

### ઉપાસની મહારાજની જ કરામત

તે પછી પાછું શરીરનું ભાન પ્રગટતાં લઘુશંકાની વૃત્તિ બહુ બળવત્તર પ્રમાણમાં પ્રગટ્યા કરી. હવે તો તેમ કર્યા વિના કોઈ આરો જ નથી, પરંતુ 'આ ઠેકાણે લઘુશંકા કેમ કરીને થાય?' તે સવાલ બહુ મૂંઝવતો, ને સંકોચ પણ ખરો. પરંતુ હવે તો તેને સંયમમાં રાખી શકાય એવી સ્થિતિ પણ રહી નહિ. પાછું ફરીથી પ્રાર્થના આદિની ભાવનામાં ટકવાને માટે સભાનપણે પ્રયત્ન પણ કરી જોયો. અડધોએક કલાક શરીરની ધ્યાનસ્થ સ્થિતિમાં વીત્યો ન વીત્યો ત્યાં તો પાછું



જાગી જવાનું બન્યું, અને લઘુશંકા કરવાની વૃત્તિ જબરજસ્ત બળવત્તર પ્રમાણમાં પ્રગટી ઊઠી. હવે મારાથી ચલાતું તો હતું જ નહિ. ઉઠાતું પણ ન હતું. ગાંડઘસણીએ પણ લાંબે સુધી જઈ શકાતું ન હતું. આ બધી જાતના પ્રયત્ન તો કરી ચૂક્યો હતો ને અહીં ઉપાસની મહારાજના પાંજરાની પાસે આ પવિત્ર જગામાં લઘુશંકા પણ કેમ કરીને થાય! તે વિચારનું પ્રાબલ્ય પણ વિશેષ હતું. વળી પાછું પ્રાર્થના, સ્મરણ, ધ્યાન આદિની ભાવનામાં રહેવા ને તેમાં મશગૂલ થવાનો પ્રયત્ન કર્યો ને ત્યારે ધ્યાનમાં જવાતાં તે ધ્યાનસ્થ દશાના ભાવમાં મને એમ સૂઝી આવ્યું કે 'આ બધી કરામત તો આ ઉપાસની મહારાજની જ છે. તેમની જ કોઈ કરામતથી મારાથી ઊઠી કે ચાલી શકાતું નથી. બાકી મારા પગ તો અકડાઈ ગયા નથી! ઊઠીને ચાલી શકવાની પૂરેપૂરી શક્યતા ને તાકાતવાળા છે; તેમ છતાં જ્યારે ઉઠાતું ને ચલાતું ન હતું ત્યારે મારી આ દશા પ્રગટવામાં એમનો કોઈક હેતુ હોવો જોઈએ.'

### મળમૂત્રની પથારી

આવું જ્ઞાન થતાં પછી તો મને ત્યાં લઘુશંકા કરવાનો સંકોચ પણ જતો રહ્યો. અને ત્યાંજ તે પ્રમાણે વર્તવાનું કર્યું. પાણી તો શું નીકળે, શું નીકળે! પાર વિનાનું! ત્યાં એકઠા થયેલા લોકો તેથી મને ઘણું ભાંડવા લાગ્યા ને કોઈક તો મારવા પણ લાગ્યા. પછી તો જાજરૂ જવાનું પણ ત્યાંજ થયા કરતું. મળમૂત્ર એટલી બધી વાર થયાં કે જેનો સુમાર નહિ. મારાં લૂગડાં પણ તેનાથી બધાં લદબદ થઈ ગયાં. એ ચાર ફૂટની જગા તો મળમૂત્રથી ભરાઈ જ ગઈ હતી. એવો ખ્યાલ પ્રગટે છે કે આશરે પાંચેક દિવસ સુધી તો પાણી કે ખાવાનું કંઈ પણ મળેલું નહિ, તેમ છતાં એટલાં બધાં મળમૂત્ર

નીકળ્યાં જ કરતાં હતાં કે જેનો સુમાર ન હોય. મળની તો જાણે એક મોટી પથારી તે જગામાં થઇ ગઇ હોય તેવું બન્યું હતું.

## લોકોનો ત્રાસ

લોકોએ મને માર મારવાનું પણ ચાલુ રાખ્યું હતું. લોકો પણ કંઇક કંઇક બોલતા કે 'સાલાને બાબા (ઉપાસની) થઇ જવું છે.' કેટલાક તો કહે 'સાલાને ઊંચકીને બહાર ફેંકી દો બહાર!' કેટલાક તેવો પ્રયત્ન કરવાને પણ તૈયાર થયેલા પણ મળની પથારીમાં પગ મૂકવાનું તેમનાથી સાહસ ન થઇ શક્યું, અને મને એટલે કે મારા શરીરને લોક વેગળેથી પથરા–ઈંટાળા માર્યા કરતા હતા. આ બધો ખેલ ઉપાસની મહારાજ જોયા કરતા. પરંતુ તેઓ તો સંપૂર્ણ સાક્ષીવત્ જ રહેતા. પરંતુ ત્યાં એક નાની છોકરી હતી. અંદાજ ૧૩–૧૪ વરસની હોય તો હોય. તે બહેન લોકને વારંવાર મને નહિ મારવાને સમજાવતાં ને મને બચાવવાનો પ્રયત્ન કરતાં હતાં, તેવી સ્મૃતિ હજી પણ મને જીવંત છે.* આટલો બધો માર પડ્યા કરતો હતો છતાં મનાદિ કરણની સમાધિના ભાવમાં જરા સરખો પણ ભંગ પડી શકતો નહિ. એક બાજુ તેવા ભાવની સતત એકધારી પતિતપાવની ગંગધારા ચાલ્યા કરતી હતી; બીજી બાજુથી લોકોના મારની ગંગધારા પણ ચાલતી હતી પણ તે તૂટક તૂટક હતી અને ત્રીજી બાજુ મળમૂત્રની ક્રિયાનો પ્રવાહ પણ ચાલુ રહ્યા કરતો હતો; તો પણ એકધારું સાક્ષીભાવે તે બધું

* આ બહેન તે બીજાં કોઇ નહિ, પણ શ્રી ગોદાવરી માતા પોતે જ. એ હકીકતની જાણ પાછળથી થઇ હતી.



નીરખવાનું બન્યા જતું હતું. તેવાં ત્રણ પાસામાં તેવા ભાવનો સમરસ એકધારો એકસ્થપણાનો જીવતોજાગતો ટક્યા કરેલો અનુભવાતો હતો.

પ્રભુકૃપાથી આ જીવના સદ્ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત, તો તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈસારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત; પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળાવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું, ત્યારે જ આજે જે છું, તે છું.

* * *

માટે આટલું તો ખાસ ખ્યાલમાં રાખશો :

મળેલાં કર્મમાં જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એકાગ્રતા ને કેન્દ્રિતતા પૂરેપૂરાં સાધી શકે છે, તેવો જીવ જ જ્ઞાનને અનુભવવાને પાત્ર છે. જ્ઞાન કંઇ મંત્રોના ખાલીખાલી માત્ર ઉચ્ચારણથી કે કથાવાર્તાના શ્રાવણ કે ઉપદેશથી મળી શકતું નથી.

**પ્રમાદી ને આળસુને જ્ઞાન થવાની કદી પણ શક્યતા નથી.**

**જે જીવને નિર્ણયાત્મક નિશ્ચયબળ પ્રગટેલું નથી કે પ્રગટતું નથી તે કદી જ્ઞાન પામી શકતો નથી. હરિ: ૐ**

# રામકથા

**યોગેશ્વરજી**

( ગતાંકથી ચાલુ )

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એમ કહીને રામે ખરના સારથિનો, ઘોડાઓનો અને રથનો નાશ કરી નાખ્યો તથા ખરને પણ સખત રીતે ઘાયલ કરવા માંડયો. એમણે એની ગદાના ટુકડા કરી નાખ્યા. એથી ઉશ્કેરાઈને એ ભયંકર રાક્ષસે એક વૃક્ષને ઉપાડીને રામ પર પ્રહાર કર્યો ને ગર્જના કરતાં કહેવા માંડયું : 'હવે તો તારું મરણ થઈ જ ગયું ! હવે તો તું કોઈએ હિસાબે નથી જ બચી શકવાનો.'

રામે પોતાના બાણોની વર્ષાથી એ વૃક્ષના ટુકડા કરી નાખ્યા ને ખરને કહ્યું, 'મૃત્યુ તો મારું નથી આવ્યું પરંતુ તારું આવી પહોંચ્યું છે. માટે એને ભેટવા માટે તૈયાર થઈ જા.' એ પછી રામે દેવોના અધિપતિ ઈન્દ્રે આપેલું એક તેજસ્વી બાણ પોતાના ધનુષ્ય પર ધારણ કર્યું ને ખરની દિશામાં છોડી દીધું. ખરને છાતીમાં વાગેલું એ બાણ ખરને માટે પ્રાણઘાતક થઈ પડયું. એના જીવન પર પડદો પડી ગયો.

## મારીચનું અનુસરણ

ખર અને દૂષણ જેવા બીજા અસંખ્ય રાક્ષસોનો સંહાર થયેલો જાણીને દંડકારણ્યના ઋષિઓ ખૂબ જ પ્રસન્ન થયા. એ બધા રામને અભિનંદન આપવા માટે આવી પહોંચ્યા. લક્ષ્મણ પણ સીતાને પર્વતની ગુપ્ત ગુફામાંથી લઈને બહાર આવ્યો. એણે રામની પ્રશસ્તિ અને પૂજા કરી. રામને રાક્ષસો સાથેના યુદ્ધમાં કોઈ યે પ્રકારની ઈજા નથી પહોંચી એ જોઈને સીતાને શાંતિ થઈ. આખીયે પ્રકૃતિ–દંડકારણ્યની સમસ્ત



ભૂમિ જાણે કે આનંદથી ઉભરાઈ ઉઠી.

પરંતુ શૂર્પણખાના શોકનો પાર ના રહ્યો. એની વેરભાવના વિશેષ પ્રજ્વલિત બની ગઈ અને ખરદૂષણના નાશનો બદલો લેવાને માટે એનું અંતર આતુર બની ગયું. એકાએક એને પોતાના ભાઈ રાવણની સ્મૃતિ થઈ આવી, અને થયું કે આવી આપત્તિના વખતમાં એકમાત્ર રાવણ જ એને સહાય કરી શકે એમ છે. બીજા કોઈનામાં રાવણ જેવી શક્તિ નથી દેખાતી.

એટલે એ થોડી જ વારમાં લંકામાં આવી પહોંચી. લંકામાં આવીને એ સીધી રાવણ પાસે પહોંચી ગઈ. રાવણ પોતાના સુંદર મહેલમાં સોનાના સિંહાસન પર બેઠો હતો. એની આજુબાજુ એના મંત્રીઓ ઊભા હતા. એણે એકાંત અરણ્યમાં અસંખ્ય વરસો સુધી તપ કરીને બ્રહ્માને પોતાના મસ્તકનું બલિદાન આપીને પ્રસન્ન કરેલા અને એમની દ્વારા વરદાન માગેલાં, એ વરદાનને પરિણામે એને દેવતા, દાનવ, યક્ષ, ગંધર્વ, પિશાચ, પક્ષી તથા સર્પોથી અભયની પ્રાપ્તિ થઈ ચૂકેલી.

મનુષ્ય સિવાય બીજા કોઈથી મૃત્યુની સંભાવના ન હતી, અને મનુષ્યને તો એ રમકડા બરાબર માનતો હોવાથી એમનો ભય રાખવાનું એને માટે કોઈ કારણ ન હતું. એટલે એ પૂરેપૂરો નિર્ભય બનીને બેઠો હતો.

શૂર્પણખાનું નાક કાન વગરનું અત્યંત વિકૃત રૂપ જોઈને એણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું. 'અરે, તારું સ્વરૂપ આવું વિકૃત કેવી રીતે થયું ને કોણે કર્યું? તારા શરીરની સમગ્ર સુંદરતા આ વિકૃતિને લીધે મારી ગઈ છે.'

શૂર્પણખાએ રોષ સાથે કહ્યું, 'રાવણ, તું અનંત ઐશ્વર્યને પ્રાપ્ત કરીને રાતદિવસ વિષય ભોગોમાં ડૂબેલો રહે છે. તને કોઈનો ભય નથી એટલે તું સ્વેચ્છાચારી ને નિરંકુશ બની ગયો છે. તારા મસ્તક પર ઘણો

મોટો ભય પેદા થયો છે છતાં પણ તું હજુ નિશ્ચિંત બનીને બેસી રહ્યો છે.'

'મારા મસ્તક પર ભય પેદા થયો છે? શેનો ભય પેદા થયો છે? હું તો સંપૂર્ણપણે ને બધી રીતે નિર્ભય છું.'

'બીલકુલ નહિ. તું પહેલાં નિર્ભય હતો પરંતુ હવે નિર્ભય નથી. ઘોર નિદ્રા અને પ્રમાદનો ત્યાગ કરીને જો હજુ પણ નહિ જાગે તો મને તો લાગે છે કે એ ભય વધતો જશે ને છેવટે તારો નાશ કરી જશે.'

'મારો નાશ? મારો નાશ કોઈ જ નથી કરી શકે તેમ. તને ખબર નથી કે મને મળેલાં વરદાનોને લીધે હું લગભગ અમર છું. મારો નાશ કરવાની શક્તિ છેજ કોનામાં? શૂર્પણખા, તું જાગૃતિ દશામાં બોલે છે કે પછીઊંઘમાંજ બડબડાટ કરી રહી છે?'

'હું તો જાગૃતિ દશામાં જ બોલી રહી છું પરંતુ તું પ્રમાદરૂપી ઊંઘમાં પડયો છે એમાં જરા પણ શંકા નથી. ખર પણ આવી જ અહંકારી વાણી બોલતો'તો પણ એનોયે નાશ થઈ ગયો. ખર, દૂષણ અને એમની સેનાના ચૌદ હજાર રાક્ષસોનું આજે નામનિશાન નથી રહ્યું. એમને પણ કોઈનો ભય નહતો લાગતો, પરંતુ શત્રુએ ભયંકર રીતે ઘાયલ કરીને રણમાં રોળી નાખ્યા. જો તું સમય પર નહિ ચેતે તો તારી પણ દશા એવી જ થશે.'

(ક્રમશઃ)

## ગરીબીની જેમ વધુ પડતી અમીરી પણ ખરાબ છે

ભારતમાં ગમે ત્યાં જાઓ, ગરીબીનું દર્શન એક સર્વવ્યાપક દેવતાની જેમ થવાનું. મારા દેવતા શબ્દના પ્રયોગથી કોઈએ ચમકવાનું નથી. કેમકે દેવતા સારા ને નરસા બંને જાતના હોય છે. તે માણસને તારે છે એમ જ નથી. એને અધોગતિમાં નાખવાનું ને મોહાંધ કરવાનું કામ પણ તે કરતા હોય છે.

ગરીબીનાં દ્રશ્યો જોઈને મારું દિલ પીગળી જાય છે. મુંબઈ ને કલકત્તા, મદ્રાસ, રામેશ્વર ને સીમલા–ઠેઠ બદરીનાથ અને કૈલાસ સુધી આ ગરીબી ભારતમાં ફેલાયેલી છે. આ દેશનાં લોકો સુખી ને ભૌતિક રીતે સમૃદ્ધ ક્યારે થશે? એ દિવસો જોવા હું ખૂબ જ આતુર છું, જ્યારે દરેકને પૂરતાં અન્નવસ્ત્ર રહેઠાણ મળશે, વિદ્યાના સાધન ને સંસ્કાર જડશે, ત્યારે જ આ દેશ દેવોને પ્રિય બનશે.

ગરીબીનો રોગ ભયંકર છે, પણ અમીરીનો રોગ ઓછો ભયંકર નથી. તેને મહા ભયંકર કહેવો જોઈએ. જો સંભાળે નહિ તો માનવ તેના પાશમાં ફસાઈને માનવતા ખોઈ દે છે. અમીરીનો દેવતા પણ આપણે ત્યાં ફેલાયેલો છે ને ફેલાતો જાય છે. પણ કોઈ દેશ એકલી ભૌતિક સમૃદ્ધિ કે અમીરી જીવનથી મહાન કહેવાતો નથી. મુખ્ય હૃદય માનવનું હૃદય છે. માનવના નૈતિક અને આધ્યાત્મિક સંસ્કાર જે તેને માનવ બનાવે છે તે છે. એને જીવંત રાખીને તેની આસપાસ ભૌતિક સુખ સમૃદ્ધિ વિકસે એ ઉત્તમ કહેવાય.

—યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## કેવી કરુણતા !

આપણે જે જમાનામાં જીવીએ છીએ તે જમાનામાં રામની જરૂર છે કે કૃષ્ણની? અથવા તો વર્તમાન પ્રજાને રામની વધારે જરૂર છે કે કૃષ્ણની?

એ પ્રશ્નોના ઉત્તરમાં મારે એજ કહેવાનું છે કે રામ અને કૃષ્ણ બંનેની જરૂર છે. બંનેના જીવનમાં આપણે માટે પ્રેરણાની સામગ્રી પુષ્કળ પ્રમાણમાં પડેલી છે. એને જીવનમાં ઉતારવાથી આપણું જીવન જ્યોતિર્મયી ને આદર્શ બની જાય. પરંતુ આપણી મોટામાં મોટી ત્રૂટી એ છે કે આપણે રામ અને કૃષ્ણને ઈશ્વરના અવતાર માન્યા છે, એમનાં મંદિરો કર્યાં છે ને હજી કરતા જઈએ છીએ, પરંતુ એમના જીવનમાંથી પ્રકાશ પ્રાપ્તિ કરી જીવનને ઉત્તરોત્તર ઉજ્જવળ કરવાનું અતિ આવશ્યક અને કીમતી કામ છોડી દીધું છે.

આપણે એમની આરતી ઉતારીએ, પૂજા પ્રશસ્તિ કરીએ, જયંતી ઉજવીએ, એમને ભોગ ધરીએ, એમની મૂર્તિને શણગારીએ અને એમના નામની જે બોલીને એમની લીલાની નાટકીય નકલ કરીએ, એટલે આપણું કામ પૂરૂં થયું એવું નથી સમજવાનું. એમનો આધાર લઈને આપણે આદર્શ માનવ થવા, જીવનને સાચા અર્થમાં જીવન કરવા, અને એમના આદર્શોને આત્મસાત્ કરવા પ્રયાસ કરવાનો છે. પરંતુ એવો પ્રયાસ આપણે ન કરતા હોવાથી, રામ અને કૃષ્ણ આપણે માટે કેવળ પૂજવાના દેવતા કે ભગવાન જ રહ્યા છે, પણ જીવનના પ્રેરક બળ નથી બન્યા. આ કેવી કરૂણતા છે !

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ –પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.